CMYK

Website : www.rakhewaldaily.com  Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૧૯૫
તા.૨૦-૦૮-૨૦૧૯, મંગળવાર
સંવત ૨૦૭૫ શ્રાવણ વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૭ સૂર્યાસ્ત : ૦૭:૦૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૧.૦ | વડોદરા | ૩૧.૬ |
| અમદાવાદ | ૩૨.૧ | સુરત | ૩૦.૪ |
| ગાંધીનગર | ૩૨.૪ | નલિયા | ૩૦.૪ |

ચાંદી : ૪૨,૫૦૦ સોનું : ૩૭,૨૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# આતંકી ભારતમાં ઘૂસ્યાના અહેવાલથી એલર્ટ

## અફઘાની પાસપોર્ટથી ચાર શખ્સો ઘૂસ્યા હોવાના ઇનપુટ ઝાકી નામના ઇસમનું પાકિસ્તાની ઓળખપત્ર પણ સામેલ : એટીએસએ સ્કેચ સાથે પોલીસને સાવધાન કરી



અમદાવાદ

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ અને ૩૫-એ હટાવવાને પગલે ભારતભરમાં ઓગસ્ટ મહિનાની શરૂઆતથી જ આતંકી હુમલાને લઇને ઇનપુટ આપવામાં આવ્યા હતા. ત્યારે હવે ગુજરાત પોલીસ વધુ સતર્ક બની છે. ગુજરાત એટીએસ તરફથી શહેરની એસઓજી, જિલ્લા એસઓજી અને તમામ પોલીસને એક ફેક્સ મેસેજ કરાયો છે. જેમાં ચાર જેટલા લોકો ભારતમાં ઘૂસ્યા હોવાના ઈનપુટ આપવામાં આવ્યા છે. તેમાંનો એક શખ્સ અફઘાનિસ્તાનના કુનર પ્રાંતનો હોવાનું પણ જણાવાયું છે. જેને પગલે અમદાવાદ શહેર સહિત ગુજરાતભરમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા વાહનચેકીંગ, પેટ્રોલીંગ અને સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન અને અસરકારક બનાવી દેવાયા છે. તમામ સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરી દેવાઇ છે. તાજેતરમાં કાશ્મીરમાંથી ૩૭૦ હટાવાતાં જ આઈબી દ્વારા આંતકી હુમલાને લઈ ગંભીર એલર્ટ અપાયું હતું. કેટલાક આતંકી સંગઠનો પણ એક્ટિવ થઈ હુમલો કરવાના હોવાના પોલીસને ઈનપુટ મળ્યા હતા. ત્યારે વધુ એક વખત શહેર પોલીસ તથા તમામ એસઓજીને એટીએસ તરફથી એક ફેક્સ મેસેજ મોકલવામાં આવ્યો છે. જેમાં જણાવાયું છે કે, ઓગસ્ટ- ૦૧૯ની શરૂઆતમાં અફઘાન પાસપોર્ટ ધરાવતા ચાર ઈસમો ભારતના શહેરોમાં જ્યાં મોટી સંખ્યામાં જનમેદની એકઠી થતી હોય તેવા સ્થળોએ ટેરર એટેકને અંજામ આપવા સારું અફઘાનિસ્તાન બોર્ડર ક્રોસ કરી ભારતમાં ઘૂસણખોરી કરેલી છે. અફઘાનિસ્તાનના કુનર પ્રાંતનો પાસપોર્ટ ધરાવતા આ આતંકી ગ્રુપના વડાનો પાસપોર્ટ અને ફોટો પણ પોલીસને કરેલા ફેક્સ મેસેજમાં સામેલ કરાયો છે. આ શખ્સ આતંકી ગ્રુપને માર્ગદર્શન આપનાર ઝાકી નામના ઈસમનું પાકિસ્તાની ઓળખપત્ર પણ સામેલ કરાયું છે. આ બાબતે તા.૧૫ જુલાઇ,૨૦૧૯થી ફોટોમાં સામેલ ઈસમ અથવા અન્ય કોઇ પણ અફઘાન પાસપોર્ટ ધરાવનાર ઇસમો જે તે વિસ્તારમાં હોય તો તેના સી ફોર્મની વિગતો માહિતી સાથે તા.૧૮મી ઓગસ્ટ, ૨૦૧૯ સુધીમાં જે તે કચેરીઓમાં મોકલવાનો હુકમ કરાયો છે. તો બીજી તરફ પોલીસે પણ પાસપોર્ટને લગતી તમામ તપાસ શરૂ કરી રિપોર્ટ તેમના અધિકારીઓને સોંપ્યો છે. ગુજરાત એટીએસના આ એલર્ટ બાદ અમદાવાદ સહિત રાજયભરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવી દેવાઇ છે. ગુજરાતને જોડતાં તમામ માર્ગો અને એન્ટ્રી પોઇન્ટો પર વાહન ચેકીંગ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન સહિતના જાહેર સ્થળોએ સતત પેટ્રોલીંગ અને સઘન વોચ સહિતના સલામતી વિષયક પગલાં અમલી બનાવી દેવાયા છે. પોલીસ એકેએક શંકાસ્પદ હિલચાલ અને ગતિવિધિ પર ચાંપતી નજર રાખી રહી છે.

## કાશ્મીર ખીણમાં સઘન સલામતી વચ્ચે સ્કુલો ખુલી




શ્રીનગર

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સાવચેતીના પગલારૂપે બંધ કરવામાં આવેલી કાશ્મીર ખીણની તમામ સ્કુલો આજે ખુલી ગઇ હતી. સઘન સુરક્ષા વચ્ચે ૧૯૦ સ્કુલોને ખોલી દેવામાં આવી છે. કલમ ૩૭૦ને દુર કરવામાં આવે તે પહેલા શ્રીનગરમાં પ્રાઈમરી સ્કુલો બંધ કરવામાં આવી હતી. આજે તમામ સ્કુલો ખુલી ગઇ છે. કોઇ પણ અવ્યવસ્થાને ટાળવા માટે સેના સહિત અન્ય સુરક્ષા દળોને ૨૪ કલાક ગોઠવી દેવામાં આવ્યા છે. અધિકારીઓએ કહ્યુ છે કે જેમ જેમ સ્થિતી સામાન્ય બનશે તેમ તેમ સ્કુલોમાં અભ્યાસને શરૂ કરી દેવામાં આવશે. એક દિવસ પહેલા જ આ તમામ વિસ્તારોમાં ઓછી ઝડપ સાથે ટુજી મોબાઇલ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ તેને બે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને લડાખમાં વિભાજિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. એક દિવસ પહેલા જ ચોથી ઓગસ્ટના દિવસે પણ કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા હતા. જમ્મુ ક્ષેત્રના પાંચ જિલ્લામાં ટુજી મોબાઇલ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં આવ્યા બાદ જમ્મુના પોલીસ મહાનિર્દેશક મુકેશ સિંહે ચેતવણી આપતા કહ્યું હતું કે, સોશિયલ મિડિયા ઉપર બોગસ સંદેશા અને વિડિયો પ્રસારિત કરનાર સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે.

## નાના દેવાદારોના દેવા માફ કરી દેવા સરકારની તૈયારી

### દેવા માફીનો આંકડો ૧૦૦૦૦ કરોડથી વધારે નહીં રહે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર આર્થિક દ્રષ્ટિથી કમજોર (ઇડબલ્યુએસ) વર્ગના નાના દેવાદારોના દેવાને માફ કરવાની યોજના પર કામ કરી રહી છે. ઈનસોલવન્સી એન્ડ બેંકરપ્સી કોડ (આઈબીસી) હેઠળ સરકાર નાના દેવાદારોને દેવાને માફ કરી શકે છે. અનેક પ્રકારની વ્યવસ્થા આઈબીસીના ફ્રેશ સ્ટાર્ટ હેઠળ રહેલી છે. જેમ કે, દેવાદારોની વાર્ષિક આવક ૬૦૦૦૦ રૂપિયાથી વધારે હોવી જોઇએ નહીં. લાભ લેવા માટે પણ કેટલીક શરતો રહેશે. આ દિશામાં સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી ચુકી છે. આ તમામ આઈબીસીના નવી સ્ટાર્ટ જોગવાઇ હેઠળ કરવામાં આવનાર છે. કોર્પોરેટ મામલાના સચિવ ઈન્જેતી શ્રીનિવાસે નિવેદન જારી કરીને કહ્યુ છે કે આર્થિક રીતે કમજોર વર્ગમાં આવનાર નાના દેવાદારોના દેવાને માફ કરવામાં આવનાર છે. તેમની દેવામાફી માટેની કેટેગરી નક્કી કરવા માટે સરકાર માઈક્રો ફાયનાન્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે વાતચીત કરી રહી છે. તેમણે કહ્યુ હતુ કે ઇડબલ્યુએસમાં સૌથી વધારે દેવામાં ડુબેલા લોકોને જ આ સ્કીમના લાભ મળી શકે છે. આ દેવામાફીમાં કેટલાક પ્રકારની જોગવાઇ રહેલી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે જો કોઇએ ફ્રેશ સ્ટાર્ટના લાભ લઇ લીધા છે તો આગામી પાંચ વર્ષ સુધી તે તેના લાભ મેળવી શકશે નહીં. દેશભરમાં પાંચ વર્ષમાં આ દેવામાફી ૧૦૦૦૦ કરોડથી વધારેની રહેશે નહીં.

## ગુજરાતમાં વરસાદી માહોલ જળવાઈ રહે તેવી સંભાવના

અમદાવાદ

ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવો વરસાદી માહોલ અકબંધ રહ્યો છે. આજે પણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થયો હતો. સૌરાષ્ટ્ર ઉપર અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે જેના લીધે હજુ પણ વરસાદી માહોલ રહી શકે છે. હવામાન વિભાગ તરફથી કોઇપણ પ્રકારની ચેતવણી ભારે વરસાદ માટે જારી કરવામાં આવી નથી પરંતુ હળવા વરસાદી ઝાપટા જારી રહેવાની આગાહી કરવામાં આવી છે. આગામી પાંચ દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ જુદા જુદા વિસ્તારમાં પડી શકે છે જેમાં જામનગર, રાજકોટ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, સાબરકાંઠા, બનાસકાંઠા, ગાંધીનગરનો



સમાવેશ થાય છે. હળવા વરસાદી ઝાપટા વચ્ચે સાફ સફાઈ અભિયાન પણ તીવ્ર કરવામાં આવી ચુક્યું છે. ગુજરાતમાં રાજયમાં નોંધાયેલા સાર્વત્રિક વરસાદના કારણે ચોમાસાની સીઝનનો અત્યાર સુધીમાં સરેરાશ ૮૮.૫૯ ટકા વરસાદ એટલે કે, લગભગ ૮૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. મેઘરાજા ખૂબ સારી રીતે રાજયભરમાં મહેરબાન થતાં અને નવા નીરની આવકને પગલે રાજ્યના કુલ ૨૦૪ જળાશયોમાંથી ૩૮ જળાશયો છલકાયાં છે. રાજ્યના જળાશયો છલકાઇ જતાં ખેડૂતઆલમમાં ખુશીની લાગણી ફેલાઇ ગઇ છે તો, રાજ્ય સરકાર અને તંત્રની પણ સિંચાઇ અને ખેતીના પાણીને લઈ ચિંતા હળવી બની ગઇ છે. ચોમાસાની ઋતુમાં રાજ્યમાં વરસી રહેલા સર્વત્ર વરસાદને પરિણામે અત્યાર સુધીમાં એટલે કે તા. ૧૯ ઓગસ્ટ-૨૦૧૯ સવારે ૮.૦૦ કલાકની સ્થિતિએ રાજ્યના કુલ ૨૦૪ જળાશયોમાંથી ૩૬ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે.

## અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા ટૂંકમાં નવા સાહસીક નિર્ણયોની વકી

### ટેક્સ સુધારાની સાથે ઉદ્યોગોને પણ અલગ પેકેજની તૈયારી

નવી દિલ્હી

આર્થિક મંદીના દોરમાં અર્થતંત્રને પાટા પર લાવવા માટે ટુંક સમયમાં જ મોટા અને ચોંકાવનારા આર્થિક નિર્ણય કરવામાં આવી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા ટૂંક સમયમાં જ મોટા અને ચોંકાવનારા નિર્ણય જાહેર થઇ શકે છે. ખાસ કરીને ટેક્સમાં રાહત અને નોકરીને બચાવવાવાળા નિર્ણયોની શરૂઆત કોઇપણ સમયે થઇ શકે છે. એવા સંકેત મળી રહ્યા છે કે, ઈન્ડસ્ટ્રી પર છવાયેલા મંદીના વાદળોને દૂર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે દરમિયાનગીરી કરવાની યોજના ધરાવે છે. ઈન્ડસ્ટ્રી દ્વારા પેકેજની માંગણી કરવામાં આવી ચુકી છે પરંતુ આના કરતા પણ કેટલાક નવા પગલા લેવામાં આવી શકે છે. ટેક્સ સુધારાની દિશામાં મોટી પહેલ કરવામાં આવી શકે છે. અન્ય ઉપાયોમાં સૌથી મોટો નિર્ણય ટેક્સ સુધારાઓ સાથે થઇ શકે છે. આ સુધારા ગેમચેન્જર તરીકે સાબિત થઇ શકે છે. લોકોની નોકરીને બચાવવા માટે સરકાર ઈન્ડસ્ટ્રીને હજુ સુધીના સૌથી ખાસ પેકેજની જાહેરાત કરી શકે છે. સામાન્ય લોકોની સાથે સાથે ઈન્ડસ્ટ્રીને ટેક્સ રાહતો અપાશે. ઉદ્યોગોને પણ અલગ પેકેજ અપાશે. ખર્ચમાં જંગી કાપ મુકવામાં આવશે. ઈન્ડસ્ટ્રી જે બજેટ જોગવાઈને લઈને વાંધો છે તેને પણ દૂર કરવામાં આવી શકે છે. ટેક્સમાં રાહત આપવા માટે નોકરી બચાવવા માટેના નિર્ણયની શરૂઆત હવે ટુંક સમયમાં જ થનાર છે.

સરકાર સૌથી પહેલા તો મંત્રીઓ અને અધિકારીઓને આપવામાં આવતી બિનજરૂરી સુવિધામાં બ્રેક મુકનાર છે.

## ગોળા ગામમાં બાળકો ઉપાડી જતી ગેંગને લઈ દહેશત

### ગ્રામજનોએ ૨ મહિલાઓને ઝડપી પોલીસના હવાલે કરી

પાલનપુર

પાલનપુર તાલુકાના ગોળા ગામમાં બાળકોને ઉપાડી જતી ગેંગ આવી હોવાની આશંકાને પગલે ગ્રામજનો એકત્ર થઇ ગયા હતા. જેઓએ ૨ મહિલાઓને ઝડપી લઇ મેથીપાક આપી પોલીસને હવાલે કરી હતી. પાલનપુર તાલુકાના ગોળા ગામમાં બાળકો ઉપાડતી ગેંગ આવી હોવાની આશંકા તળે ગ્રામજનો એકત્ર થયા હતા. જેઓએ ૨ મહિલાઓને ઝડપી મેથીપાક આપ્યો હતો. ૪ લોકો સ્વીફ્ટ





ગાડી લઈ ગોળા ગામે આવ્યા હતા. જેમાં ૨ મહિલા ઝડપાઇ હતી. જયારે ૨ ઈસમો ભાગી ગયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. બાળકો ઉપાડવાની ગેંગ આવી હોવાની વાતને લઈ સમગ્ર ગામ એકઠું થયું હતું. જેમાં ૨ મહિલાઓ ઝડપાઇ હતી. જે બાળકો ઉપાડનારી ગેંગની હોવાની ગ્રામજનોએ વ્યક્ત કરેલી આશંકાને પગલે પાલનપુર તાલુકા પોલીસે ૨ મહિલાઓનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## ધાનેરા તાલુકાના આલવાડા ગામના ઉપસરપંચ પર હુમલો

### ગામના દંપતીએ હુમલો કરી સોનાની ચેન લૂંટી હોવાનો ડેપ્યુટી સરપંચએ આરોપ લગાવ્યો

ધાનેરા

ધાનેરા તાલુકાના આલવાડા ગામના ઉપ સરપંચ પર ગામના જૈન પરીવારના પતિ-પત્નીએ હુમલો કરી સોનાની ચેન લૂંટી લીધી હોવાના આક્ષેપ સાથે ઉપ સરપંચે ફરિયાદ નોંધાવી છે. આલવાડા ગ્રામ પંચાયતના ઉપ સરપંચ શામળાભાઈ માળીએ ધાનેરા પોલિસ મથકે પોતાની સાથે મારા મારી કરી ગામના



જૈન પતિ પત્નીએ ચેન લૂંટી હોવાની ફરિયાદ નોંધાવી છે. ડેપ્યુટી સરપંચ રવિવારે ગામમાં દુકાન ધરાવતા પારસમલ જૈનના ઘર આગળથી પસાર થઈ રહ્યા હતા એ વખતે પરસમલે તેમને દુકાને બોલાવી સીમન્ટની ચોરીનો આક્ષેપ કેમ કરો છો તેમ કહી પારસમલ તેમજ તેમના પત્નીએ શામળભાઈને પકડી માથા ના ભાગે લોખન્ડનું બાટ મારી ઈજા મરી ગળામાં પહેરેલ સવા તોલા સોનાની ચેન તેમજ ખિસ્સામાં પડેલ ૩૦૦ રૂપિયા લૂંટી લીધા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કર્યો છે. ધાનેરા પોલિસે પણ હાલ પાલનપુર ખાતે સારવાર લઈ રહેલા ડેપ્યુટી સરપંચનો જવાબ લઈ ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

CMYK

# વડગામના પીલુચાથી ડાલવાણા વચ્ચે કેબલ નાખવાની કામગીરીથી રોષ

## જાણ કર્યા વગર પાક અને સેઢાને નુકસાનથી ખેડૂતોની કામ બંધ કરાવવાની ચીમકી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના પીલુચાથી ડાલવાણા વચ્ચે બી.બી. એલ. કંપની દ્વારા ચેન લોકથી અંડર ગ્રાઉન્ડ પાઈપ નાખવાનું કામ આડેધડ ચાલી રહ્યુ છે જેમાં કેબલ રોડથી બે મીટર દૂર નાખવાની જગ્યાએ કોન્ટ્રાક્ટર એકથી બે ફૂટના અંતરે નાખે છે. તો બીજી બાજુ ખેડુતોના પાક અને તેમના સેઢાને પણ નુકસાન પહોંચાડતા રોડ પર ખેતર ધરાવતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અગાઉ પણ આ એજન્સીએ તાલુકાના વિવિધ રોડો ખોદી નાખતા સરકારે એજન્સીને રોડ નવા બનાવવા નોટિસ ફટકારી છે છત્તા પણ એજન્સીના કોન્ટ્રકટર આંખ આડા કાન કરી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. ત્યારે આ એજન્સીએ વચ્ચે રોડની નજીક અને ખેડૂતોની મંજૂરી લીધા વગર પોતાના ચેન બ્લોક મશીનથી કેબલ નાખવાનું કામ ચાલુ કર્યું છે જેને લીધે પાક અને ખેતરોને મોટું નુકસાન થવા પામ્યું છે તેમ જણાવી ખેડૂતોએ અમારી મંજૂરી લીધા વગર કામ શરૂ કરતાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાના છીએ અને રોડ ખાતા દ્વારા પણ આ કામ બંધ કરવામાં આવે તેવી માંગ કરી હતી. ડાલવાણાના ખેડૂત બાબુજીએ જણાવ્યું હતું કે તાત્કાલિક આ કેબલ નાખવાનું કામ બંધ કરવામાં આવે અને ખેડૂતોની મંજૂરી લેવામાં આવે તેમજ જે અમારા પાક કે સેઢાને નુકશાન પહોંચાડયુ છે તેનું વળતર ચૂકવવામાં આવે તેમ ઉમેરી અગાઉ પણ અમે કોન્ટ્રાક્ટરને આ અંગે જાણ કરી હતી પણ કોન્ટ્રાક્ટરે પોતાની મનમાની ચલાવી આંખ આડા કાન કર્યા છે આથી તેના સામે સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં આવે તેવી અમારી માંગ છે.

# વાવમાં બે હજારથી વધુ માલધારી યુવકોએ સભા યોજી આવેદનપત્ર આપ્યું

## પી.એસ.આઈ.વિરુદ્ધ ગંભીર આક્ષેપો


વિષ્ણુ પરમાર

તા.પ્રતિનિધિ વાવ

ગતરોજ તા.૧૯-૮-૨૦૧૯ ને સોમવારના રોજ વાવના ખીમાણાવાસના રબારીવાસમાં આવેલ મોમાઈ માતાજીના મંદીરમાં ગુ.પ્રદેશ વિહોતર ગૃપના અધ્યક્ષ જીવરાજભાઈ આલના અધ્યક્ષસ્થાને વાવ-સુઈગામ-થરાદ ભાભર ગામના માલધારી યુવકોનું એક વિશાળ સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં પોલીસ અને માલધારી સમાજ વચ્ચે થયેલી ફરીયાદના મુદ્દે ગજગ્રાહ થયેલો જે અંગે ચર્ચા વિચારણા કર્યા બાદ વાવ મામલતદાર કે.કે.ઠાકોરને બે હજારથી વધુ યુવકોની હાજરીમાં આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.જે આવેદન પત્રમાં દલીત યુવકની એટ્રોસીટીની ફરીયાદને લઈ માલધારી સમાજના વૃદ્ધ દંપત્તિ ઉપર એટ્રોસીટીનો ગુનો નોંધાયો છે પરંતુ માલધારી સમાજના ખેમાભાઈ રબારીએ દલીત સમાજના વ્યક્તિ વિરૂદ્ધ લુંટની ફરીયાદ પી.એસ.આઈ. જાડેજાએ ના લેતાં ખેમાભાઈ રબારીએ ખાખી વર્દીની હાજરીમાં ઝેરી દવા પી લીધી હતી ત્યારે માલધારી સમાજે પોલીસ ઉપર મૂઢ માર માર્યો હોવાનો અને નાણાંની માંગણી કરી હોવાનો આક્ષેપ કરી વાવ પોલીસના ત્રાસથી દવા પીધી હોવાનો આક્ષેપ કરી પી. એસ.આઈ.વિરૂદ્ધ ગુનો દાખલ કરવાની માંગ કરી હતી જે સંદર્ભે ડી.વાય.એસ. પી.પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવા છતાં વાવ પી.એસ.આઈ. વિરૂદ્ધ ગુનો ના નોંધાતાં બે હજારથી વધુ રબારી સમાજના યુવકોએ આવેદનપત્ર આપી વાવ પી.એસ.આઈ. વિરૂદ્ધ ગુનો નોંધવાની માંગ કરી છે અને જો યોગ્ય ન્યાય નહીં મળે તો માલધારી સમાજ ગાંધીચિંધ્યા માર્ગે જઈ આંદોલન કરશે જેની ગુજરાતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડશે તેવું મીડીયા સમક્ષ જણાવ્યું હતું.

# ડીસાના રામસણથી પટેલપુરા માર્ગ વરસાદી પાણીમાં ગરકાવ



## ૧૦ દિવસથી અવરજવર બંધ થઈ જતા ગામલોકો ત્રસ્ત

ડીસા

ડીસા તાલુકાના રામસણથી પટેલપુરાને જોડતા મુખ્ય માર્ગ ઉપર રેલવે તંત્ર દ્વારા બનાવેલ અંડર પાસ નાળામાં વરસાદી પાણી ભરાઈ જતા સ્થાનિક ગામલોકો ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે નાળામાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે આ માર્ગ ચોમાસા દરમિયાન ૧૦ દિવસથી બંધ જતા સ્કૂલે જતા ૩૦૦ થી વધુ બાળકો તેમજ ડેરી એ દૂધ ભરાવા જતા પશુપાલકો પણ પારાવાર મુશ્કેલી વેઠી રહ્યાં છે.

ગામ લોકોનો એક ગામથી બીજા ગામનો સંપર્ક તૂટી જાય છે દર ચોમાસે સામાન્ય વરસાદમાં પણ સર્જાતી આ મહા હાડમારી બાબતે તેમણે અવારનવાર તંત્રને લેખિત તેમજ મૌખિક રજુઆત કરી હોવા છતાં આ સમસ્યા નો નિકાલ ના આવતા આખરે આ ગામલોકોએ સોમવારે જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી પાણીના નિકાલ મુદ્દે ઉગ્ર રજુઆત કરી હતી.

# પાલનપુરનુ સોનગઢ ગામ હજુ સુધી મોબાઇલ ટાવરથી વંચિત

તા.પ્રતિનિધિ વડગામ

પાલનપુર તાલુકા માં આબુ હાઈવે પર આવેલ સોનગઢ ગામ પાલનપુર થી માત્ર ૫ કિ.મી દુર આવેલુ છે છતા પણ સોનગઢ ગામ માં આજ દિન સુધિ એક પણ કંપની નો ટાવર ના હોવાના કારણે લોકો હજુ સુધી મોબાઈલ કવરેજ અને ઈન્ટરનેટ થી વંચીત છે જેના કારણે ગામના વિકાસ પર માઠી અસરો જોવા મળી રહી છે. સોનગઢ ગામ આશરે આઠ થી દસ હજાર વસ્તિ ધરાવતુ ગામ છે. ત્યા હજુ પણ લોકો ને મોબાઈલ નુ કવરેજ મેળવવા ઘરની છત ઉપર ચડવુ પડે છે. જેથી મોબાઈલ કંપની દ્વારા સોનગઢ ગામમાં તાત્કાલિક ટાવરો લગાવવામાં આવે તેવી જનમાંગ છે.

# પાલનપુરમાં પોલીસના વાહનની અડફેટે રાહદારીને ઈજા


સંજય જોષી

પાલનપુર

પાલનપુર શહેરના જોરાવર પેલેસમાં પોલીસની ગાડીએ રાહદારીને ટક્કર મારતા તેને પગના ભાગે ગંભીર ઈજા થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પાલનપુરના જોરાવર પેલેસમાં કલેકટર કચેરી પાસે પોલીસના સરકારી વાહનની અડફેટે ૬૫ વર્ષીય રાહદારી આવી જતા તેઓને પગના ભાગે ઈજા થઈ હતી. દરમિયાન, ઈજાગ્રસ્ત રાહદારી એવા પાલનપુરના અંબિકાનગરમાં રહેતા બાબુજી મગનજી ઠાકોર નામના પ્રૌઢને પોલીસ સારવાર માટે સિવિલમા લઈ ગઈ હતી.

# થરાદમાં ખેડૂતે માનવતા દાખવી રસ્તામાંથી મળેલ રૂપિયા પરત કર્યા


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ પોલીસ સ્ટેશન નજીકથી રૂ.૧૩,૦૦૦ ભરેલ થેલી થરાદ ના ભોરડુ ગામના પરમાર (દલિત) નાનજીભાઈ કુંભાભાઈને મળતાં તેમણે આ બાબતે પોલીસ કર્મચારી ને જાણ કરી અને થેલીની અંદર રહેલ પાસબુક આધારે મૂળ મલિક પ્રજાપતિ પરબતભાઈ ધરમાભાઈ રહે જમડાવાળાને પૈસા પરત કરી માનવતા દાખવી હતી. પરબતભાઈ પ્રજાપતિ પોતાના દૂધના પૈસા બેંકમાંથી ઉપાડી અને ઘરે લઈને પરત જઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક પોતાની થેલી પડી જતા થેલી રસ્તામાંથી નાનજીભાઈ ને મળતા નાગજીભાઈ પરબતભાઈ ને રૂપિયા ભરેલી થેલી પરત આપતા તેમનો આભાર માન્યો હતો.

# નાંદોત્રા દૂધ મંડળીના ચેરમેનની બિનહરીફ વરણી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકાના નાંદોત્રા ગામની અગ્રણી સહકારી સંસ્થા દૂધ મંડળીના સંચાલક મંડળના સભ્યોની ગતરોજ બેઠક મળી હતી જેમાં મંડળીના ચેરમેન પદે ઉત્સાહી અને અનુભવી વાલુભાઈ આર. ચૌધરીની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હોવાનું મંત્રીએ જણાવ્યુ હતુ.સહકારી આગેવાન વાલુભાઈ ચૌધરીએ અગાઉ પણ ચેરમેન પદના કાર્યકાળ દરમ્યાન ઉમદા ફરજો અદા કરી પારદર્શક વહીવટની પ્રતીતિ કરાવી હતી તેથી ચેરમેન પદે તેમની વરણીથી મંડળીનો સર્વાંગી વિકાસ થવાનો આશાવાદ છવાયો છે. તેમની વરણીને સંચાલક મંડળના સભ્યો અને સભાસદોએ વધાવી લઈ શુભેચ્છાઓ પણ પાઠવી હતી.નવનિયુક્ત ચેરમેન વાલુભાઈ ચૌધરીએ મંડળી અને સભાસદોના હિતમાં કામ કરવાની ખાતરી ઉચ્ચારી તમામનો ઋણ સ્વીકાર કર્યો હતો.

# ડાંગીયા મુકામે ત્રિશૂલ દીક્ષા કાર્યક્રમ યોજાયો


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

બનાસકાંઠા જિલ્લામાં આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદની સક્રિયતા બાદ વિવિધ હિન્દૂ સંગઠનો રાષ્ટ્રીય બજરંગ દળ પણ સક્રિય બન્યુ છે.દાંતીવાડા તાલુકાના અચલેશ્વર મહાદેવ ડાગિયાં મંદિર ખાતે રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા ત્રિશુલ દીક્ષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૩૦૦ વધુ કાર્યકર્તાઓને ત્રિશુલ અર્પણ કરાતા હિન્દુ હી આગે અને અબકી બાર હિન્દુ સરકારનો નારો ગુંજી ઉઠ્યો હતો.

આ પ્રસંગે મહંતબીજયપુરીજી મહારાજહસ્તે દીપ પ્રગટ્યા કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉતર ગુજરાત પ્રાંત સંગઠન મંત્રી રાજેશભાઈ પટેલ દ્વારા ત્રિશુળ દીક્ષા લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે રાજેશભાઈ પટેલ સંગઠન મંત્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજના સમયમાં બજરંગ દળના યુવાનો સંગઠીત થઈ સંસ્કારીત બને તે માટે ૧૯૬૪ થી કાર્યરત છે બજરંગ દળ નો શિક્ષીત દિક્ષીત યુવાન સમાજના સ્વાનિક ઉન્નતિ માટે સંગઠીત થઈ હિન્દુ સમાજ સંગઠિત બને. આ પ્રસંગે સ્વાગત અને પરિચય પ્રભુદાસ મોદી વિશ્વ હિન્દુ પરિસદ વિભાગ સહ મંત્રી મહેસાણા, બનાસડેરી ડિરેકટર પી.જે. ચૌધરી, ભગવાનભાઈ ચડોખીયા જિલ્લા અધ્યક્ષ,પોપટભાઈ ભાટી મંત્રી દાંતીવાડા પ્રખંડ, મહેશભાઈ ચૌધરી, ચિરાગ જોષી, સુમિત જોષી સરપંચ, હરિસંકરભાઈ જોષી, રણમલ સોલંકી સહિત આજુબાજુના લોકો મોટી સખ્યાંમાં હરખભેર ઉમટી આવ્યા હતા.

# પાલનપુરમાં ભૂદેવોએ નવી જનોઈ ધારણ કરી


સંજય જોષી

પાલનપુર

તપોધન બ્રાહ્મણ યુવા સંગઠન દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ ભૂદેવો માટે સામૂહીક જનોઈ બદલવાના કાર્યક્રમનું પાલનપુર, લક્ષ્મણટેકરી મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

૧૫ ઓગસ્ટ, સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાકે શાસ્ત્રી લાલકૃષ્ણભાઈ ત્રિવેદીના માર્ગદર્શનમાં હર હર મહાદેવના નાદ સાથે સંપુર્ણ વૈદીક મંન્ત્રોચાર સાથે મોટી સંખ્યામાં ભૂદેવોએ જનોઈ બદલી હતી.

કાર્યક્રમના અંતે રાષ્ટ્રગીત ગાવામાં આવ્યુ હતું તેમજ ભારત માતાના જય સાથે સ્વતંત્ર્ય પર્વની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન તપોધન બ્રાહ્મણ યુવા સંગઠનના કાર્યકર્તાઓએ કર્યુ હતું.

# રાજસ્થાની શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સામુહિક કાજળી ત્રીજ પુજન કાર્યક્રમ યોજાયો


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ શિવમ્ વિધામંદિર ખાતે ઢીમા ક્ષેત્રના રાજસ્થાની શ્રીમાળી બ્રાહ્મણ સમાજ થરાદ શહેર સમિતિ દ્વારા સામુહિક કાજળી ત્રીજ પુજન કાર્યક્રમ યોજાયો હતો.આ વ્રતમાં બહેનો તેમના પતિના લાંબા આયુષ્ય માટે આ વ્રત રાખે છે અને રાત્રે ચંદ્ર દર્શન કરી પોતાનુ વ્રત પુરુ કરે છે.આ કાર્યક્રમ ફળાહાર તેમજ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ.

# ડીસાના વડાવળ ગામે સ્વામી નારાયણ સત્સંગ સભા યોજાઈ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

ડીસા તાલુકાના વડાવળ ગામે બી એ પી એ સ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું.

વડાવળમાં આવેલ કનૈયા કો સ્ટોરેજ પર બે દિવસીય પારાયણ કથા નું આયોજન થયું હતું જેમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના સંતો નિત્ય સેવા સ્વામી દ્વારા ગ્રામજનોને કથાનું રસપાન કરાવ્યું હતું આ ઉપરાંત દિવસે મહા પૂજાનું પણ આયોજન થયું હતું. વડાવળ ગામના બહોળી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોને ધુન પ્રાર્થના અને કથામૃત નો લાભ આપવાં આવ્યો હતો.

# ભીલડી ખાતે યુવા વેલફેર ગ્રુપ દ્વારા 'માનવતાની મહેક' દીવાલને ખુલ્લી મુકાઈ


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠાના ડીસા ખાતે સેવન સ્ટાર ગ્રુપ દ્વારા શરૂ કરાયેલ 'માનવતાની મહેક' દીવાલને નોંધપાત્ર આવકાર સાંપડ્યા બાદ ડીસા તાલુકાના ભીલડી ખાતે પણ યુવા વેલફેર ગ્રુપ દ્વારા માનવતાની મહેક નામની દિવાલને વિધિવત રીતે ખુલ્લી મુકાઈ છે.ભીલડી ખાતે કાર્યરત યુવા વેલફેર ગ્રુપ દ્વારા આજે પવિત્ર શ્રાવણ મહીનાના ત્રીજા સોમવારે ભીલડી ખાતે ગંજબજાર તરફ જતા નાળામાં માનવતાની મહેક દિવાલનું ગરીબ લોકોના હાથે જ લોકાર્પણ કરાયું હતું. 'જેને જરૂર છે તે અહીંથી લઈ જાય અને જેની પાસે વધારે છે તે અહી મૂકી જાય' ના

અનુસંધાન પાના નં.૬

# ધાનેરામાં વસતા મારવાડી સમાજની બહેનો દ્વારા સાતુડી ત્રીજની ઉજવણી


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

શ્રાવણ વદ ત્રીજ એટલે કજળી ત્રીજ અને આ દિવસે મિષ્ટાન સ્વરૂપે સાતુડી ખુબજ મહત્વ રહેલો છે. માટે તેને સાતુડી ત્રીજ તરીકે પણ ઓળખવામાં આવે છે.આ ત્રીજ નો મહત્વ રાજસ્થાની મારવાડી સમાજની મહિલાઓમાં ખુબજ રહેલો છે અને આ દિવસે મારવાડી સમાજની બહેનો આખો દીવસ ઉપવાસ કરે છે.કહેવાય છે કે માં પાર્વતી એ ભગવાન શિવને મેળવા માટે આ વ્રત ની શરૂઆત કરી હતી અને એ દિવસથી પરણિત સ્ત્રીઓ પતિ ના લાંબા આયુષ્ય માટે તેમજ કુવારીકાઓ સારા પતિ માટે આ આ વ્રત કરતી હોય છે.આ દિવસે વ્રત ધારી બહેનો આખો દિવસ ઉપવાસ રાખી રાત્રે કોઈ એક ધાર્મિક સ્થળે એકઠી થઈ એક નાનકડી તળાવળી બનાવી તેમાં લીમડી વાવી પૂજા અર્ચના કરી અને સૌ સાથે મળી ત્રીજ માતાની વાર્તા સાંભળે છે અને ત્યાર બાદ રાત્રે ચંદ્ર દર્શન કરી તેની પૂજા અર્ચના કર્યા બાદ આ વ્રતની પૂર્ણા વૃહતી કરતી હોય છે.ગત રોજ બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ધાનેરામાં પણ તેની ઉજવણી કરવામાં આવી હતી. ધાનેરામાં વસહતા મારવાડી,મહેશ્વરી, સિંધી, ઠક્કર, સોની,મોચી સમાજ સહિત સમાજની બહેનો આખો દિવસ ઉપવાસ રાખી

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં રાષ્ટ્રીય સમૂહ-ગાન સ્પર્ધા યોજાઈ

ડીસા

સંપર્ક સહયોગ, સંસ્કાર, સેવા અને સમર્પણ જેવા જીવન વિકાસમાં સહભાગી ગુણોનું સિંચન કરીને ઉત્તમ નાગરીકોનું ઘડતર કરતી અને રાષ્ટ્રના ચારીત્ર્ય નિર્માણમાં અંગ્રેસર સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદ ડીસા શાખા તેમજ ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા દ્વારા આયોજીત રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા-૨૦૧૯ લાયન્સ હોલ, ડીસામાં સંગીતમય વાતાવરણમાં ધામ-ધૂમથી સંપન્ન થઈ.

આ સમારોહના અધ્યક્ષ કમલકાંતભાઈ પ્રજાપતિ (ચીફ ઓફીસર ડીસા નગરપાલિકા) તથા આમંત્રિત મહેમાનો ડીસા નગરના અગ્રણી વેપારી ડાયાભાઈ હેમરાજભાઈ ઠક્કર, વસંતભાઈ એન. ઠક્કર તેમજ આ કાર્યક્રમના શુભેચ્છક સ્વ.બ્રિજેશભાઈ દિનેશભાઈ પુજારા હસ્તે. દિનેશભાઈ મણીભાઈ પુજારા તથા ડીસા શહેરના ગણમાન્યમહાનુભાવોએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને શોભાવ્યો હતો. નિર્ણાયક તરીકે રાકેશભાઈ આચાર્ય તેમજ લલિતકુમાર સોની અને તેમની ટીમે સુંદર સેવાઓ આપીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતું.

સંગીત ગુરૂ આશુતોષભાઈ દવે (રંગત ઓરકેસ્ટ્રમવાળા) અને સંગીત મર્મજ્ઞ મિત્રોએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાથમિક વિભાગની ૮, માધ્યમિક વિભાગની ૬ અને સંસ્કૃત વિભાગની ૪ એમ કુલ - ૧૮ ટીમોએ ભાગ લઈ વાતાવરણને રાષ્ટ્રીય ચેતનાથી ભરી દીધુ હતું.

શાખા પ્રમુખ, હરેશભાઈ ઠક્કર તેમજ અમૃતભાઈ પઢીયાર, મંત્રી મિલનભાઈ જોષી તેમજ કાંતિભાઈ દોષી આ કાર્યક્રમના મુખ્ય સંયોજક પ્રવિણભાઈ રાવલ તેમજ ભાર્ગવભાઈ ભટ્ટ, સહ સંયોજક લલિતભાઈ સોની, કનુભાઈ હાલાણી અને વિપુલભાઈ ચૌહાણ તેમજ ડો. અજયભાઈ જોષી, ડો. મનોજભાઈ અમીન, નાથાલાલ બ્રહ્મક્ષત્રીય, રાજુભાઈ નોટરી, રાજેશભાઈ ત્રિવેદી,

અનુસંધાન પાના નં.૬

# ગાંધી સરદાર એન.એસ.એસ.ના વિધાર્થીઓએ પ્રતીમાઓની સફાઈ કરી



ડીસા

ભારત સરકારના સ્વચ્છતા મિશનને સાર્થક કરવા ડીસાની ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા પ્રોગ્રામ ઓફીસર પ્રો.આશાબેન આર.ચૌધરીના નેતૃત્વમાં તા.૧/૮/૨૦૧૯ થી તા.૧૫/૮/૨૦૧૯ દરમિયાન સ્વચ્છતા પખવાડિયા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા પખવાડિયા ઉજવણી અંતર્ગત તા.૩/૮/૧૯ ના

અનુસંધાન પાના નં.૬

નં.પાનસેસ/ભુગર્ભ/૧૨૨૭/૨૦૧૯-૨૦
નગર સેવા સદન, પાલનપુર. તા.૦૯-૦૮-૨૦૧૯
પાલનપુર નગરપાલિકા પાલનપુર

**જાહેર નિવિદા**

આથી નીચેના કામો કરવામાં રસ ધરાવતા માન્ય ઇજારેદારોને જણાવવાનું કે, પાલનપુર નગરપાલિકા અશોક સોસાયટીમાં ભુગર્ભ ગટર યોજનાના પંપીંગ સ્ટેશનમાં ૪૦૦ કે.વી. ટ્રન્સફોર્મર (ડીપી) ને રીવાઇડીંગ કરીને રીપેરીંગ કરીને ચાલુ કરીને પંપીગ સ્ટેશનમાં ફીટીંગ કરવાની હોય તમામ ટેક્ષ સાથેના ભાવો આ જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં અત્રેની નગરપાલિકા કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવે છે.

(પંકજભાઇ આઇ.બારોટ)
મુખ્ય અધિકારી
પાલનપુર નગરપાલિકા

(વિપુલભાઈ એલ. રાવલ)
ચેરમેન, ભુગર્ભ સમિતિ,
પાલનપુર નગરપાલિકા

(હેતલબેન જી.રાવલ)
ઉપપ્રમુખ, પાલનપુર નગરપાલિકા

(અશોકભાઈ બી. ઠાકોર)
પ્રમુખ, પાલનપુર નગરપાલિકા

નં.નામાનિ/પાલન/૨૩૪/૨૦૧૯-૨૦૨૦

જા.નં.વીપી/સબમોટર રીપેરીંગ
શ્રી અંબાજી ગ્રામ પંચાયત
અંબાજી તા.૧૯-૦૮-૨૦૧૯
બીજો પ્રયત્ન

**જાહેર નિવિદા**

આથી લાગતા વળગતા સબમર્શીબલ મોટર/પંપ રીપેરીંગ કરનારાઓને જણાવવામાં આવે છે કે, અંબાજી ગ્રામ પંચાયતના વોટર વર્કસની ૩ હો.પા.થી ૩૦ હો.પા.સુધીની ઇલેકટ્રીક સબમર્શીબલ મોટર/પંપ રીપેરીંગ કરવાના વાર્ષિક ભાવો તા.૧/૪/૨૦૧૯ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધી એક વર્ષ માટેના આ નિવિદા પ્રસિધ્ધ થયેથી દિન ૭ માં અત્રેની કચેરીએ મળી રહે તે રીતે બંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલી આપવા જણાવવામાં આવે છે. આ કામની ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦/- પુરા ટેન્ડર કોપી સાથે ગ્રામ પંચાયત કચેરીએ જમા કરાવવાના રહેશે.

| અ.નં. | વિગત | અ.નં. | વિગત |
|---|---|---|---|
| ૧. | રબર બેરીંગ બુશ | ૧૧. | ઇમ્પેલર |
| ૨. | બેરીંગ શેટ | ૧૨. | બુશ |
| ૩. | ઓઇલ શીલ | ૧૩. | અપર સ્લીવ |
| ૪. | રોટર શ્લીવ મોટર | ૧૪. | લોવર સ્લીવ |
| ૫. | રોટર બેરીંગ | ૧૫. | લોવર બુશ |
| ૬. | પંપ સાફટ | ૧૬. | ટોપ સ્લીવ/ટોપ બુશ |
| ૭. | અપર લોઅરફલેજ | ૧૭. | સ્ટેજ કેશીંગ |
| ૮. | પંપ વોકેટ | ૧૮. | પંપ/મોટર કપલીંગ |
| ૯. | નેક રીંગ | ૧૯. | લીડ જોઇન્ટ |
| ૧૦. | ચાવી | ૨૦. | લેબર ચાર્જ |
| | | ૨૧. | મોટર રીવાઇડીંગ ચાર્જ |

ઉપરોક્ત આઇટમોના ભાવો હોર્સ પાવરની મોટર પ્રમાણે અને બાર માસ માટે રીપેરીંગ કરી આપવાના રહેશે.

(વી.ડી.જોષી)
સેક્રેટરી,
અંબાજી ગ્રામ પંચાયત

(કલ્પનાબેન આર.પટેલ)
સરપંચ,
અંબાજી ગ્રામ પંચાયત

# તંત્રી સ્થાનેથી...

**ઉત્સાહ વિના ક્યારેય ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.**

## શિક્ષણને ભારત કેન્દ્રિત બનાવવાનો અવસર

ભારત સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ-૨૦૧૯નો મુસદ્દો ૨૧મી સદી માટે 'ભારત કેન્દ્રિત' અને 'જીવંત જ્ઞાન સમાજ'ના નિર્માણના સંકલ્પ સાથે પ્રસ્તુત થયો છે. ભારતને કેન્દ્રમાં રાખીને શિક્ષણ પર વિચાર કરવો એ તમામ લોકો માટે સુખદ અને સંતોષદાયી અનુભૂતિ છે જે તેમના વિસ્મરણ, ઉપેક્ષા કે અવાંછિત પ્રસ્તુતિથી ખિન્ન રહેતા હતા. એવો જ 'જ્ઞાન કેન્દ્રિત સમાજ'નો વિચાર કરવો એ તમામ લોકો માટે સુખદ અને સંતોષદાયી છે જે તેમના વિસ્મરણ, ઉપેક્ષા કે અવાંછિત પ્રસ્તુતિથી ખિન્ન રહેતા હતા. એવા જ 'જ્ઞાન કેન્દ્રિત સમાજ'નો વિચાર પણ ભારતીયો માટે સંતોષદાયી પ્રતીત થાય છે જે જ્ઞાનને પવિત્ર, ક્લેશ દૂર કરનાર, મુક્તિ આપનાર માને છે. એ જરૂર આશ્ચર્યજનક છે કે સ્વામી વિવેકાનંદના અડધા વક્તવ્ય સિવાય કોઈ સાર્થક ભારતીય વિચાર ઉલ્લેખ કરવા યોગ્ય ન મળ્યો. સમૃદ્ધ જ્ઞાનની શંકરાચાર્ય, તિરુવલ્લુરથી લઈને કબીર સુધી શાસ્ત્રીય અને લોક-પ્રચલિત એક પરંપરાઓ પણ આખા ભારતમાં છે. શિક્ષણની માનવીય પરિકલ્પનાને સાકાર કરનારા બે મહાપુરુષોને અહી યાદ કરવા ઘટે. એક તો નોબલ પારિતોષિક મેળવનાર ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર, જેમણે ભારતની કલ્પના કરી હતી - 'જ્યાં ચિત્ત ભય શૂન્ય હોય, જ્યાં માથું ઉન્નત હોય, જ્યાં જ્ઞાન મુક્ત હોય.' ગુરુદેવના હિસાબે શિક્ષણ મુક્ત કરે છે અને જ્ઞાનના આંતરિક પ્રકાશથી પરિપૂર્ણ કરી દે છે. રચના અને સર્જનથી ભરેલું શિક્ષણ વાસનાઓ અને પૂર્વગ્રહોથી મુક્ત કરીને વિશ્વને સ્વીકાર કરવાનું સાહસ આપે છે અને અનુભવ કરવા માટે સહાનુભૂતિ આપે છે. બીજા મહાપુરુષ છે મહાત્મા ગાંધી, તેમના વિચારમાં 'શિક્ષણનો મૂળ ઉદ્દેશ્ય મનુષ્યને સાચા અર્થમાં મનુષ્ય બનાવવાનો છે. જે શિક્ષણ માનવીય સદ્ગુણોના વિકાસમાં ફાળો નથી આપતું અને વ્યક્તિના સર્વાંગી વિકાસનો માર્ગ નથી દોરતું તે બિનઉપયોગી છે.' તે એમ પણ કહેતા હતા કે 'બાળકની આધ્યાત્મિક, માનસિક અને શારીરિક ક્ષમતાઓના પૂર્ણ વિકાસનું દાયિત્વ શિક્ષણ પર છે.' જ્યાં સુધી શરીર, મસ્તિષ્ક અને આત્માનો વિકાસ એક સાથે નથી થઈ જતો ત્યાં સુધી ફક્ત બૌદ્ધિક વિકાસ એકાંગી જ રહેશે. બંને મહાપુરુષ શિક્ષણને ભારત, જ્ઞાન અને મનુષ્યતાના વ્યાપક પરિપ્રે-યમાં જોઇ રહ્યા હતા. શિક્ષણ નીતિએ પ્રગટ રૂપે ભારતની બહારના ચિંતનને જ ભારતને સમજવાનો મુખ્ય આધાર બનાવ્યો છે.

૨૧મી સદીની દુનિયામાં ઊભા રહીને ભારત કેન્દ્રિત વિચાર જ આ નીતિનો ખાંચો અને ઢાંચો છે. એ પણ ઉલ્લેખનીય છે કે ૨૧મી સદીની અવધારણા ફક્ત વૈશ્વીકરણ, પ્રૌદ્યોગિકીકરણ વિશેષ કરીને ડિજિટલીકરણના અર્થમાં લેવામાં આવી છે, જે ભારતને એક મોટી આર્થિક શક્તિ રૂપે રૂપાંતરિત કરવા માટે જરૂરી છે. જ્ઞાન-સમાજનો આશય પણ અહીંથી જ લેવામાં આવ્યો છે. જ્ઞાન કેન્દ્રિત સમાજ માહિતી અને જ્ઞાન આધારિત સામાજિક-આર્થિક સંગઠનને આમંત્રણ આપે છે. માહિતી, જ્ઞાનના ઉત્પાદન અને પ્રસારથી ઉપજેલા નવાચારને આત્મસાત કરવા માટે જરૂરી છે આર્થિક અને સામાજિક વિકાસની સંતુલિત સાર્વજનિક નીતિનો વિકાસ કરવો, તેને લાગુ કરવો અને તેને નિરંતર તરોતાજા કરતા રહેવું. આશા રાખવામાં આવે છે કે ડિજિટલ ટેકનિકના ઉપયોગ દ્વારા પારદર્શિતા આવશે, વેપારની ક્ષમતા વધશે, નાગરિક સુવિધાઓને વધારવી સંભવ બનશે. પશ્ચિમી દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિ બાદ માહિતીનો યુગ આવ્યો અને હવે જ્ઞાનનો યુગ જાહેર થયો છે જે ઉત્તર આધુનિકતાની નિશાની છે. જ્ઞાન-સમાજમાં માહિતી નહીં, જ્ઞાન સૌથી મોટી સંપદા છે. લોકોના મન મસ્તિષ્કમાં શું વસે છે અને શું ભૌતિક રૂપે આવી શકે છે એ જ અર્થવ્યવસ્થાને આગળ લઈ જશે. ઉચ્ચ વિકાસની પરિસ્થિતિવાળા સમાજમાં જ્ઞાનના ઉત્પાદન અને ઉપયોગથી સમૃદ્ધિ અને ખુશહાલી લાવવાનું સપનું જોવામાં આવે છે. વસ્તુતઃ જ્ઞાન-સમાજ એ સમાજોને વ્યક્ત કરે છે જે આર્થિક અને સાંસ્કૃતિક રૂપે વૈજ્ઞાનિક અને ટેકનિકલ જ્ઞાન પેદા કરવાની ક્ષમતા પર નિર્ભર છે. જ્ઞાન હવે બજારમાં એક ખાસ વેપારી ઉત્પાદન છે. જ્ઞાન-સમાજ રચના અને કાયદાની દૃષ્ટિએ એક વૈચારિક ચેતનાને વ્યક્ત કરે છે. એવા સમાજમાં શિક્ષણ જીવનપર્યંત ચાલતું રહેશે, કારણ કે જૂનું વ્યર્થ થતું રહેશે અને નવું અર્જિત કરતા રહેવું પડશે. જ્ઞાનની જટિલતા નિરંતર વધતી જશે. તીવ્ર ગતિથી મળતી માહિતીના અર્થને ગ્રહણ કરવા અને જટિલ જ્ઞાન પ્રત્યે એક નવા દૃષ્ટિકોણની જરૂર રહેશે. શીખવાની વ્યક્તિનિષ્ઠતા અને જ્ઞાન-વિતરણના વૈશ્વીકરણ વચ્ચે અધ્યાપકને ફરીથી પરિભાષિત કરવા પડશે.

<u>આરાધના</u>

## કામ, ક્રોધ, લોભ, મોહ જેવી વૃત્તિઓને શાંત કરતાં શીખીએ

અધ્યાત્મ શું હશે ? ધર્મ શું હશે ?પ્રાર્થના શું શે ? એ બધાંનાં ફળ શું હશે ?

આવો તર્કબદ્ધ સમજણ કેળવીએ. અધ્યાત્મની ઓળખ કરીએ, પ્રાર્થનાનો મર્મ સમજીએ એ રીતે ધર્મમય જીવન જીવતાં શીખીએ.સૌ પ્રથમ આપણા મનને સમજવા પ્રયત્ન કરીએ. મન અતિ ચંચળ છે, ક્ષણના હજારમાં ભાગ માટે પણ સ્થિર રહી શકતું નથી. હરપળ કાંઈકને કાંઈક ઉધામા મચાવતું આપણું મન આપણી બુધ્ધિને પણ તે તરફ દોરી જાય છે. આ બુધ્ધિ આપણી કાન, નાક, જીભ, ચામડી અને આંખ જેવી ઈંદ્રીયો દ્વારા આપણા વિચારોને બળ આપે છે. એ વિચારો જ બધીય ઈન્દ્રીયો પાસેથી કામ લે છે.

ભુખ લાગવી, તરસ લાગવી, થાક લાગવો, ડર લાગવો તથા કુતુહલ વૃત્તિ થવી એ બધી સહજ ક્રિયાઓ દરેક જીવધારી મનુષ્ય, પશુ, પક્ષી, પ્રાણી, સુક્ષ્મ જીવધારી, જીવજંતુ સહજતાથી કરે છે. મને ભુખ લાગે ત્યારે સહજતાથી જે મળે તે ખાઈ લેવું તેના બદલે મારે અત્યારે ગરમા ગરમ ફાફડા અને જલેબી ખાવા છે. આ ફાફડા ખાવાની ઈચ્છા એકદમ પુરી કરી શકાતી નથી. ત્યારે તે ગરમ ફાફડા કયાં મળશે ? કેવી રીતે મળશે ? વગેરે ગડમથલ આપણને બેચેન કરી દે છે.

તેથી સંતોએ કહ્યું છે, ભુખ લાગે ત્યારે સહજતાથી મળી શકે તેવો ખોરાક મેળવવામાં તકલીફ પડતી નથી પરંતુ ફાફડા અને જલેબી જ ખાવાં છે તેવી વૃત્તિને અપેક્ષા કરે છે એવી અપેક્ષા કોઈનીય પુરી કરી શકાતી નથી.તરસ, ભુખ, ભય અને કુદરતી આવેગ, કામને સંતોષી શકાય. જો તે યોગ્ય માત્રામાં અને સહજતાથી મળે તેમાં જ સંતોષ માની શકીએ તો પરંતુ આપણે તરસ લાગે ત્યારે સહજતાથી મળતા પાણીના બદલે ઠંડા પીણાં જ પીવાં હોય તો તે અપેક્ષા પૂર્ણ કરવા જે પ્રયત્નો કરવા પડે છે તેને જ માનસિક પરિતાપ કહ્યો છે.

આવા માનસિક પરિતાપને શાંત કરવાનો એક જ માર્ગ છે. કાં તો અપેક્ષાઓ ઓછી કરવી અથવા જે મળે તેમાં સંતોષ માનવો.

આટલી સહજ વાત સમજવાને બદલે આપણે મનમાં ઉઠતા અનેક તરંગોથી પ્રભાવિત થઈને તેવા તરંગોને માણવા માટે લાલાયીત થઈએ છીએ ત્યારે મનની અંદર અને બહાર ધમાલ-ધમાલ સર્જાય છે તે ધમાલ આપણને આંતરિક આનંદની અનુભૂતિ થવા દેતી નથી.

ઘણી વખત તો આપણે બેબાકળા બનીને આપણી મનમાની કરવા માટે અન્ય કોઈનો સહારો લેતા જઈએ છીએ. એ અન્ય વ્યક્તિ, પદાર્થ કે સમય,દેશ કાળ, આપણને કદાચ મદદ કરે તો પણ તે ત્યાર પછી આપણી પાસેથી વળતરની માંગણી કરે છે એ માંગણી પુરી કરવા આપણે પહેલાની પરીસ્થિતિ કરતાં પણ વધારે દુઃખી થઈએ છીએ.

તેથી આપણા શાસ્ત્રો, સંતો અને અનુભવી વડીલો કહે છે કે તેમ આપણી કામ, ક્રોધ, લોભ, મોહ અને મત્સર કે અભિમાન જેવી તોફાન કરતી ઈન્દ્રીયોને શાંત કરતાં શીખીએ. એ માટેનો માર્ગ સાવ સરળ છે. જો અપનાવી શકીએ તો ભગવદ ભક્તિમાં લીન રહેતાં શીખીએ. ભગવાન જે પરિસ્થિતિનું નિર્માણ કરે તે પ્રભુનો પ્રસાદ છે તેમ સમજીને સ્વીકારતાં શીખીએ.

**-નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## યસ બેંકે ક્વાલિફાઈડ ઈંસ્ટીટ્યૂશંસ પ્લેસમેંટ (ક્યૂઆઈપી) રૂટના માધ્યમથી રૂ.૧,૯૩૦ કરોડ એકત્રિત કર્યા

યસ બેંકે ૧૫ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ પોતાના ઈક્વિટી શેરોની ફાળવણીના આધાર પર ક્વોલિફાઈડ ઈંસ્ટીટ્યૂશંસ પ્લેસમેંટ (ક્યૂઆઈપી) રૂટના માધ્યમથી રૂ. ૧૯૩૦ કરોડ એકત્રિત કર્યા. ક્યૂઆઈપી ૮ ઓગષ્ટ, ૨૦૧૯ ખુલ્લો અને ૧૪ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ બંધ થયો.સિક્યોરિટી અને વિનિમય બોર્ડ ઑફ ઈંડિયા રેગ્યુલેશન (મૂડી અને પ્રગટીકરણ જરૂરિયાતોના મુદ્દા), ૨૦૧૮ પ્રમાણે આપવામાં આવેલા રેગ્યૂલેશન ૧૭૬ (૧) અંતર્ગત પ્રદાન કરવામાં આવેલ મૂલ્ય નિર્ધારણ ફોર્મ્યુલા પ્રમાણે બેંકે રૂ. ૨ અંકિત મૂલ્યના ૨૩.૧ કરોડ રૂપિયા ઈક્વિટી શેર પ્રત્યેક ક્વોલિફાઈડ ઈંસ્ટીટ્યૂશનલ બાયર્સને ઈક્વિટી શેર દીઠ રૂ. ૮૩.૫૫ પર ફાળવણી કરી.

ક્યૂઆઈપીએ બેંકના કુલ મૂડી જરૂરીયાત ગુણોત્તરને વધારી ૧૬.૨%★, ટિયર ૧ ગુણોત્તરને ૧૧.૩% અને કોર ઈક્વિટી ટિયર ૧ ગુણોત્તરને વધારી ૮.૬% કરી દીધુ છે, જે તે સુનિશ્ચિત કરે છે કે બેંક નિયમનકાર સીમાઓથી ઉપર સારી રીતે મૂડીકૃત રહેશે.૩૦ જૂન ૨૦૧૯ સુધી ક્યૂઆઈપી પ્રસિદ્ધ કર્યા પહેલાની સ્થિતિના માટે લાભ સહિત)આ મુદ્દા પર વિદેશીની સાથે-સાથે ઘરેલૂ ક્યૂઆઈબીથી પણ મજબૂત પ્રતિક્રિયા જોવા મળી. વિદેશી સંસ્થાગત રોકાણકારોને સમગ્ર ફાળવણી સંયુક્ત રાજ્ય અમેરિકા / યૂરોપથી લગભગ ૩૪% અને બાકી ઘરેલૂ વીમા કંપનીઓ અને મેન્યુઅલ ફંડોથી વૈવિધ્યપૂર્ણ પ્રતિનિધિત્વ અને દુનિયા ભરની માંગને ઉજાગર કરે છે. ક્યૂઆઈપી યસ બેંકના શેરધારક આધારના એક વધુ વૈવિધ્યકરણને પણ સક્ષમ બનાવે છે.

## માધુરી દીક્ષિત ઉજવણી કરે છે અવિરત જુસ્સાની



કેટલાક મનોરંજન પરફોર્મન્સીસ સાથે ડાન્સ દીવાનેએ તાત્કાલિક ધ્યાન માંગે તેવી કેટલીક સામાજિક બાબતો અંગે જાગૃતિ લાવવાની કામગીરી કરી છે.આ સપ્તાહાંતે દર્શકો પ્રથમ પેઢીના સ્પર્ધકો અર્શ અને નીરજા સાથે એવો જ એક પરફોર્મન્સ જોશે, જેમાં સમાજમાં વિશેષ રૂપે અશક્ત બાળકોને સહેવા પડતા સંઘર્ષની રજૂઆત કરશે. અર્શ માનસિક રીતે અપંગ બાળક તરીકે અભિનય કરે છે અને નીરજા એની રક્ષણાત્મક બહેન તરીકે વિવિધ અત્યાચારોથી એને બચાવે છે. ડાન્સ દીવાને દર શનિવાર અને રવિવારના રોજ રાત્રે ૯-૦૦ કલાકે કલર્સ પર પ્રસારિત થાય છે.આ એક લાગણીસભર પરફોર્મન્સ હતો જે જોઇને માધુરી દીક્ષિત પોતાના આંસુ રોકી શકી નહોતી. આવાં બાળકોની દુર્દશા આબેહુબ રીતે નિરૂપતા કલાકારોને ભેટવા તે ઊભી થઈ. માત્ર પરફોર્મન્સ જ નહિ, પરંતુ ડેન્સ દીવાને ટીમે વિશેષ અક્ષમતા ધરાવતાં સંતોષ ઈન્સ્ટીટ્યુટનાં બાળકોને જીવનમાં અનેક પડકારો હોવા છતાં તેમનામાં રહેલા જુસ્સાને સલામ કરવા આ શોમાં આમંત્રણ આપ્યું હતું. આ બાળકોએ આ પરફોર્મન્સની મજા માણી હતી અને "બમ બમ બોલે" ગીત પર જજીસ અને યજમાનો સાથે ડેન્સ કર્યો હતો. અને આ નાનીશી ઊજવણી પછી એક માતા-પિતાએ એરપોર્ટ પર તેમની સાથે થયેલા દુર્વ્યવહાર એક ઘટના વર્ણવી હતી જ્યાં હવાઈ-જહાજમાં બેઠેલી એક મહિલાનું તેમનો દીકરો અભિવાદન કરવા માગતો હતો એને કારણે એમણે હવાઈ-જહાજમાંથી ઉતારી જવા જણાવાયું હતું. કલર્સ પર દર શનિવાર અને રવિવારે રાત્રે ૯-૦૦ કલાકે ડાન્સ દીવાને જોવાનું ના ભૂલશો!

## 'સેટર ડે પ્રિમિયર નાઈટ્સ'ની સાથે તૈયાર થઈ જાવ બ્લોકબસ્ટર ડેટ માટે સાંજે ૮ વાગે, ફક્ત એન્ડપિક્ચર્સ પર

થકાવટભર્યા સપ્તાહ બાદ, હજી પણ સપ્તાહના અંત માટેની યોજનાઓ માટે મજબુતી કરી રહ્યા છો? સારું, એન્ડપિક્ચર્સ તૈયાર છે, તેમને એક અદ્દભુત પ્રવાસ પર લઈ જવા માટે જેમાં કેટલાક મોટા- ટિકિટના કલાકારો અને સુપરહિટ મૂવી દ્વારા તે તેની સંપૂર્ણ નવી ઓફરીગ રજૂ કરે છે, 'સેટરડે પ્રિમિયર નાઈટ્સ'. શરૂ થઈ રહ્યો છે, ૧૭મી ઓગસ્ટ, એન્ડપિક્ચર્સ, નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ, જે તમારા માટે તમારા શનિવાર અધિકારને તૈયાર કરવા માટે એક મૂવીનું સંપૂર્ણનું ચોક્કસતાપૂર્વકનું મિશ્રણ! તમને તમારા તમારી અંદરના અપ્રગટ વન-સ્ટોપ ડેસ્ટીનેશનનો વાયદો કરવા માટે ચેનલ બ્લોકબસ્ટરના પ્રિમિયર લાવી રહ્યું છે મનોરંજનના આ બુફે, "સેટરડે પ્રિમિયર નાઈટ્સ'માં કોમેડી, નાટક, એક્શન કે હોરર દરેક શૈલીની વિપુલતાને દર્શાવે છે. એક કોમિકલ મનોરંજક સિંબાથી લઈને ભારતીય સ્ટ્રીટ રેપરની 'બહુત હાર્ડ' પ્રવાસ ગલી બોયની સાથે, બહાદુરી અને પ્રતિબદ્ધતાની પ્રેરણાદાયી વાર્તાનની સાથે કેસરી અને ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક અને વિવેચનાત્મક રીતે વખણાયેલી મર્દ કો દર્દ નહીં હોતા, આર્ટિકલ ૧૫ સહિત બીજી ઘણીનો સમાવેશ થાય છે, આ નવી પ્રોપર્ટીમાં આ બધુ જ છે, જેનાથી દર્શકો માટે અનિવાર્ય મૂવી ડેટ બનાવી શકાય. તો, તૈયાર થઈ જાવ, તમારી ડેટને શરૂ કરવા, એન્ડપિક્ચર્સ પર, ૧૭મી ઓગસ્ટથી શરૂ થઈ રહ્યો છે, નોન-સ્ટોપ મનોરંજન કારણકે, એન્ડપિક્ચર્સ તૈયાર છે, મૂવીની ઘેલછા ધરાવનારાઓ માટે આ એક ચૌરંગી ઓફર છે, જેમાં કેટલાક સેલિબ્રિટીની ઉદ્યોગમાં આઉટસ્ટેન્ડિંગ કામ કરવામમાં આવેલી મૂવીનો સમાવેશ થાય છે.

## અમિત વર્મા &TV પર લાલ ઈશ્કમાં ૨ વર્ષ પછી કમબેક કરશે



ભારતીય ટેલિવિઝન સ્ક્રીન પર નોંધનીય ભૂમિકાઓ ભજવીને આગવું સ્થાન જમાવનારો અમિત વર્મા હવે શ્ફના ફેન્ટસી શો લાલ ઈશ્ક સાથે બે વર્ષ પછી ટેલિવિઝન પર સુપરનેચરલ કમબેક કરી રહ્યો છે.શોના આગામી એપિસોડમાં ભૂતપિશાચથી અભડાયેલું એક ગામ છે, જે ગામનો વહીવટ ભૂત જુએ છે અને તેની સામે ગ્રામવાસીઓને ગામમાંથી પસાર થનારા લોકોના મૃતદેહ આપવા માટે પૂછે છે. આ સમયે શ્રેય (અમિત વર્મા) અને તેના પરિવારને એક વૃદ્ધ ભટકાય છે, જે તેમને ગામમાં પોતાના સ્થળે રહેવા માટે મનાવી લે છે. જોકે સૂર્યાસ્ત થતાં જ તેમને ખ્યાલ આવે કે તેમની સાથે પ્રવાસ કરનારો તેમને ફ્રેન્ડ બદનસીબે મૃત્યુ પામ્યો છે. વધુ તપાસ કરતાં શ્રેયને ગામના વહીવટની અંધકારમય સચ્ચાઈ વિશે જાણવા મળે છે. શ્રેય શું ગામમાંથી ભાગી શકશે કે પછી તેના મિત્રની જેમ તેનો પણ અંત આવશે? જોતા રહો &TV પર લાલ ઈશ્ક પર રોમાંચક એપિસોડ જુઓ, દર શનિવારથી રવિવારે રાત્રે ૧૦.૦૦

## એન્ડપિક્ચર્સ લાવી રહ્યું છે, વેનમ- આધા મેન. આધા મોન્સ્ટરના હિન્દી ટેલિવિઝન પ્રિમિયરની સાથે પૂરા ફન




ક્યારેક ખરાબ બનવું એ પણ એક આશ્ચર્યજનક અનુભવ બની રહે છે. એવી જ રીતે, આ માર્વેલના સૌથી ભેદી અને એન્ટી- હિરો વેનમની વાર્તા છે! ૨૪મી ઓગસ્ટના રોજ સાંજે ૮ વાગ્યાથી એન્ડપિક્ચર્સ- નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલની સાથે તમારી તારીખને બ્લોક કરી નાખો, કારણકે, વેનમમાં પ્રિમિયરની સાથે રજૂ થાય છે, એક સુંદર વ્યક્તિની રાક્ષસ બનવા પાછળની ઘેલછા. એન્ડપિક્ચર્સ 'સેટરડે પ્રિમિયર નાઈટ્સ', જે વાયદો કરે છે, તમને વાયદો કરે છે કે, તે દર શનિવારે બ્લોકબસ્ટર પ્રિમિયર રજૂ કરશે, તે લાવી રહ્યું છે, એડ્ડી બ્રોકની એક સંપૂર્ણ સફર, જે આ અઠવાડિયામાં એક સ્લિથરિંગ બ્લેક મોન્સ્ટરમાં બદલી જાય છે. રૂબેન ફ્લિસ્ચર દ્વારા ડિરેક્ટ, આ ફિલ્મમાં ટોમ હાર્ડી એડી બ્રોક/વેનમ તરીકે, માઈકલ વિલિયમ્સ બ્રોક્સના લવ ઈન્ટરેસ્ટ તરીકે જોવા મળશે, એન્ની વેયીગ અને રિઝ એહમદ એ મુખ્ય વિરોધી પાત્ર કાર્લટોન ડ્રેક તરીકે જોવા મળશે. એડ્ડી બ્રોકએ એક પ્રસિદ્ધ પત્રકાર છે, "તે એવા લોકોને ફોલો કરે છે, જેઓ નથી ઈચ્છતા કે, તેમને કોઈ ફોલો કરે" અને આ તે કરે છે. તેના એક એસાઈન્ટમેન્ટના ભાગરૂપે, તે કાર્ટન ડ્રેકનો ઈન્ટરવ્યુ કરે છે, જે લાઈફ ફાઉન્ડેશનનો નેતા છે અને તેને ફાઉન્ડેશનની સામે મળેલા આક્ષેપોની તપાસ કરવાના પ્રયાસમાં તેની કારકીર્દીમાં એક નીચેની તરફનો વણાંક આવે છે. આને લીધે, તે તેની નોકરી અને તેની ગર્લફ્રેન્ડ એન્ની જે, એ જ ફાઉન્ડેશનમાં કર્મચારી છે, તેને ગુમાવી દે છે. ૬ મહિના પછી, એડ્ડી જ્યારે ડ્રેકને નીચે લાવવાના પ્રયત્નમાં હોય છે, ત્યારે અકસ્માતે ને એક એલિયનના સિમ્બોઈટને મળે છે. આ સિમ્બોઈટ એડ્ડીના શરીરને પસંદ કરે છે અને તેના મગજ પર કાબુ કરે છે અને એડ્ડીને સુપરહ્યુમન પાવર આપે છે. વેનમના હોસ્ટ બન્યા બાદ, એડ્ડી બેવડા વ્યક્તિત્વથી પિડાય છે. જેમાં એક ખરાબ અને એક સારું વ્યક્તિત્વ છે. આને આશિર્વાદની રીતે જોઈએ તો, વેનમની સાથે માણસમાંથી સિમ્બોઈટ બનીને તે, ડ્રેક અને તેની સંદિગ્ધ સંસ્થાઓની ખરાબ યોજનાઓને રોકી શકે છે.

## ત્રણ વાતે બંધન બંધે, રાગ દ્વેષ અભિમાન ! ત્રણ વાતે બંધન ખુલે, શીલ સમાધિ જ્ઞાન !!

અમીરગઢના જંગલમાં દિપડો દેખાયો. માઉન્ટ આબુમાં રીંછ તો તુલસીશ્યામ રોડ પર સિંહ ખાબોચીયામાં પાણી પીતાં જોવા મળતાં લોકોમાં ભય દહેશતની લાગણી ચાર પશુઓના મારણ કર્યા તો બીજી બાજુ ગામડાં, નગરો, મહાનગરોમાં આજે રખડતી ગાયો, આખલાઓનો આતંક વધ્યો છે. કયાં વાહન પર કુદી પડશે કે અચાનક ટકરાશે તે કહેવું મુશ્કેલ બન્યું છે.૭૩ મો સ્વાતંત્ર્ય દિન આપણે ગયા ગુરૂવાર ભાઈ બહેનના પવિત્ર પ્રેમને પ્રકાશીત કરતા પર્વ રક્ષાબંધન સાથે ઉજવ્યો. બહુ રાષ્ટ્રભક્તિના દર્શન થયા. ગાડીઓ, બાઈકો, સ્કૂટી, એકટીવા પર ત્રિરંગો લહેરાતો બે દિવસ પહેલાથી રહ્યો. જેમાં કેટલાકને રોજીરોટી મળી તે સારી બાબત રહી પરંતુ રાષ્ટ્ર-સ્નેહ પર્વની ઉજવણી કરીને આપણે શું શીખ્યા ? અબોલ જીવોના નિવાસસ્થાનો છીનવી લીધા ને બીજી તરફ તેના જતન,ઉછેરની વાતો કરી યોજના બનાવવી છે. રીંછ, દિપડા, સિંહ, નીલગાય, કાળીયાર કે બીજા જંગલી પશુ પક્ષીઓ જાય કયાં ? પોતાના નિવાસસ્થાન ખોરાક પાણીની નિત્ય જગ્યાએ તો આવવાના જ છે. હવે માંસાહારી પ્રાણીઓ પોતાના ખોરાકની શોધમાં નાના અશકત બીજા પશુ પક્ષીઓનું મારણ કરવાના જ છે. એ કુદરતી ઘટનાક્રમ છે. તેને રોકશો તો એ પણ મરી જશે. દીપડો, વાઘ, વરૂ, સિંહ કંઈ ઘાસચારો ખાવાના નથી જ. જંગલો, પહાડો, નદી વિસ્તારો, ઝરણાંનો નાશ કરીને સીમેન્ટ ક્રોંકીટના જંગલો ઉભા કરી દીધા છે. એટલે આ વિસ્તારમાં રહેતા બિચારા પશુ પક્ષીઓ જાય કયાં ? તમે વર્ષોથી જ્યાં રહો છો તે મકાન અચાનક કોઈ ખાલી કરાવી દે તો ? એ વિસ્તાર મકાનની મમતા માયા હંમેશા સ્મૃતિપટ પર છવાયેલી રહેછે.જુનું ઘર ખાલી કરતાં એક કવિએ તો પોતાની કેવી વેદના વ્યકત કરી છે તે આપણે જાણીએ છીએ ત્યારે આ અબોલ જીવોના રહેણાંક ખોરાકના વિસ્તારો તમે હડપ કરીને તમારા રહેણાંક ધંધાના સ્થળો બનાવ્યાં છે ને જ્યારે આ અબોલ જીવો કયારેક એ જગ્યાએ આવી જાય ત્યારે બેબાકળા બનીને તેને મારવા ભગાડવાની ઝડપ વધારો છો. અત્યારે પવિત્ર શ્રાવણ માસમાં શિવ ઉપાસના ચરમ સીમાએ પહોંચી છે. કેટલાક તો ભોળાનાથ દેવોના દેવ મહાદેવજીના મંદિરમાં એ જ નંદી, કાચબો, કંઠમાં સર્પોની માળાના દર્શન કરી ધન્યતા અનુભવો છો. કેટલાક બહુ માયાળુ ભકતો તો નંદીના કાનમાં પોતાની યાતના રજુ કરીને દુર કરવાની વિનંતી કરે ત્યારે એ દર્શન કર્યા પછી બહાર આવતાં જ રોડ, રસ્તા પર રખડતા નંદીની યાતના વિશે કયારેય વિચાર્યું છે ખરૂં ? ગૌચર ખરાબા તળાવો તો તમે છીનવી લીધા છે આ મુંગા અબોલ જીવો શ્રમ કાર્ય કરતા હતા તે પણ તમે યંત્રયુગની આંધળી દોટમાં છીનવી લઈ બેકાર બનાવી દીધા છે. માનવ તરીકે આપણી ફરજ આપણું કરવાની જ છે. બીજા નિર્દોષ અબોલ જીવોનો વિચાર શુધ્ધાં નહીં કરવાનો ? આપણે એટલા બધા લાલચુ બની ગયા છીએ કે સ્મશાનની ભૂમિને પણ બાકાત નથી રાખતા ત્યાંય કમાણીનું સાધન બનાવી દીધાં છે. કોઈ મર્યાદા જ નહીં ને જ્યારે કુદરતની થપ્પડ વાગે ત્યારે બુમાબુમ કરી ઉઠે એ આ સ્વાર્થી માનવત્મા ગોગાબાપા, ક્ષેત્રપાળ બહુ મોટા મંદિરો બનાવવામાં આવે. ભુવાજીનું વર્ચસ્વ પણ એ સ્થાનના નામે રહે પણ જીવતા ગોગાજી જો આવી ચડે તો ? બિચારાની ધુળધાણી થઈ જાય અત્યારે મોબાઈલ સોશીયલ મીડીયાનો યુગ છે.એટલે આવા નિવાસસ્થાન છીનવાઈ ગયેલા કે નવજાત સાપ, સાપના કણાં જોવા મળે છે. બે પાંચ જણા દુરથી ફુલ કંકુ ચડાવે ને બે પાંચ જણા મોબાઈલથી વિડીયો ઉતારી ફટાફટ વાયરલ કરે. આ આપણી ગોગ મહારાજની ભક્તિને જો લાંબો સમય રહે તો બિચારાનું આવી જ બને. આવું જ પરિવારમાં થયું છે. જીવતાં માબાપ ઠેર ઠેર ઠોકરો ખાતા હોય, વૃદ્ધાશ્રમમાં હોય ને નવા ઘર પર રેડીયમથી લખ્યું હોય માતૃપિતૃ કૃપા.. વાહ.. શું ભક્તિ છે ? હમણાં રાજકીય વૃક્ષારોપણનો ક્રેઝ વધ્યો છે. જ્યાં જુઓ ત્યાં રાજકીય ભકતો વૃક્ષો વાવી ફોટા પડાવવામાં ને બીજા દિવસે છાપામાં આવે એ રીતે આયોજન કરો વૃક્ષ વાવવા, સ્વચ્છતા રાખવી બહુ સારી વાત છે. પણ તેની કાયમી જાળવણી કોણ કરશે ? વિરાંજલી વૃક્ષ મહોત્સવના નામે કરોડો ખર્ચાયા કેટલા વૃક્ષો ઉછેર્યા.. કોઈની પાસે હિસાબ નથી. પૈસા વપરાયા બાકી કાગળ પર બધું હોય છે. એટલે બહુ અફસોસ કરવો નહીં. આ તો આપણે એકમેકના હૃદયને હળવું કરીએ છીએ. પચાસ બાય ત્રીસ ફુટના પ્લોટમાં પાંચ હજાર વૃક્ષો આપણા લોકસેવકો વાવીને પોતાની દેશભક્તિ પ્રગટ કરે તો બહુ ? આશ્ચર્ય અનુભવતા નહીં..નગરમાં કયાંય જરૂર ન હોય ત્યાં બમ્પને રોડ મંજુર થશે બાકી ચહલ પહલ ભરચક જગ્યાએ બમ્પ નહીં હોય ને રોડ બન્યો હશે તો અઠવાડીયામાં તુટી ગયો હશે. કારણ કે સાહેબો '૫૫' ટકા લઈ લે બાકીના ૪૫ ટકામાં કોન્ટ્રાકટર બિચારો રેત, પાણીને રોડ જ કરે ને... ગોગાબાપજી સૌનું ભલું કરે, જન્માષ્ટમીના તહેવારોની શુભકામના.. ભેળસેળયુકત તેલ,ઘી બહુ ના ખાતા દુધ પણ ડુપ્લીકેટ મળે છે ? અસ્તુ...

**-યશપાલસિંહ ટી.વાઘેલા (થરા)**

## "ન્યુક્લિયર ઉર્જા-રાષ્ટ્રની ઉર્જા' પર નિબંધ લેખન સ્પર્ધા



મહેસાણા

ઊર્જાના મહત્વ અંગે જાગૃતિ પેદા કરવા અને પરમાણુ ઊર્જા સંબંધિત ગેરસમજો દૂર કરવા રાષ્ટ્રીય સ્તરે યોજાતા અભિયાનના એક ભાગ તરીકે આણંદ નિકેતન સ્કુલ, મહેસાણા, ઊંઝા હાઈવે, મોટીડાઉ, ગુજરાત ખાતે બાળકો માટે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરાયું હતું. નિબંધ લેખન સ્પર્ધાનો વિષય "ન્યુક્લિયર એનર્જી-રાષ્ટ્રની ઉર્જા" હતો અને તે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ભારત સરકારનું ઉપક્રમ) વતી આયોજીત કરાઈ હતી.આ સ્પર્ધામાં ૨૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, વિદ્યાર્થીઓની કામગીરીનો નિર્ણય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ.વિજેતા વિદ્યાર્થીઓના નામ આ મુજબ છેઃ વિજેતા- ૧ : રિધ્ધી શર્મા - ધો.૬ વિજેતા-૨ : મિન્ટુ વાઘેલા - ધો.૬ આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રીમતી શિતલે જણાવ્યું હતું કે બાળકોની અભિવ્યક્તિ એ તેમની સર્જનાત્મકતાનો એક સંકેત છે. બાળકોએ ખુબ જ સુંદર રીતે ઊર્જાનું મહત્વ રજુ કર્યું હતુ અને પરમાણુ ઊર્જા વીજળી ઉત્પાદન કેવી રીતે પર્યાવરણ માટે નુકશાનકારક નથી તે પણ દર્શાવેલ. તેમણે પણ વિજેતા બાળકોને ઈનામો આપ્યા હતાં.

આ પ્રસંગે પરમાણુ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે ગ્રામજનોને પ્રેરિત કરતી કાલ્પનિક પાત્ર પર આધારિત બુધિયા ચિત્ર વાર્તા (કોમિક્સ) વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવામાં આવેલ. સ્વચ્છ ઊર્જા અંગે જાગૃતિ પેદા કરવાના હેતુસર આવા ઘણા કાર્યક્રમો દેશના ઘણા રાજ્યોમાં યોજાય છે અને તેનાથી લોકોમાં પરમાણુ ઊર્જા વિશે રહેલી ખોટી માન્યતાઓ પણ દૂર થાય છે.હાલમાં ભારતમાં અણુઊર્જાનું ઉત્પાદન ૬૭૮૦ મે.વો. છે. અને તેને ૨૦૨૩ સુધીમાં ૧૩,૦૦૦ મે.વો. સુધી પહોંચાડવાનું આયોજન છે.

## ઊંચી ઉપજ આપતાં સેમિનિસ ટોમેટો 'વિરાંગ' મેગા ફિલ્ડ ઈવેન્ટમાં પ્રદર્શિત કરાયું

અમદાવાદ

અમદાવાદના ધોળકા જિલ્લામાં યોજાયેલા મેગા ફાર્મર્સ મીટમાં સેમિનિસે પોતાની ઉચ્ચ ઉપજ આપતા ટોમેટો હાઈબ્રિડ 'વિરાંગ'ની સાથે-સાથે 'અંસલ', 'આર્યમાન' અને 'કૌસ્તુભ'ને પ્રદર્શિત કર્યાં હતાં. સેમિનિસ હાઈબ્રિડ્સના લાભો જોવા માટે આ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતો, નર્સરી ઉત્પાદકો, રિટેઈલર્સ અને ટ્રેડ પાર્ટનર્સે ભાગ લીધો હતો. અમદાવાદના ધોળકા જિલ્લાના ખેડૂતો હંમેશાથી ઊંચી ઉપજ આપતાં સેમિનિસ હાઈબ્રિડ સીડ્સને પ્રધાન્ય આપતાં આવ્યાં છે. આ કાર્યક્રમમાં ખેડૂતોની પસંદગીના હાઈબ્રિડ વિરાંગને પ્રદર્શિત કરાયું હતું. ખેડૂતોમાં વિરાંગ લોકપ્રિય હોવાનું કારણ તેનું સારું ફળ અને એકરૂપતા છે તથા તે ટોમેટા લીફ કર્લ વાયરસ (ક્ષ્ઢ્ઢ) ની સામે ઉંચું પ્રતિરોધણ ધરાવે છે. હાઈબ્રિડ લાંબી આવરદા ધરાવે છે, જે લાંબા અંતરના પરિવહન માટે આદર્શ છે. વિરાંગ ઉપરાંત સેમિનિસ ટીમે ખેડૂતોની પસંદગીના હાઈબ્રિડ્સ અંસલ, કૌસ્તુભ અને આર્યમાનને પણ પ્રદર્શિત કર્યાં હતાં, જે ગાઢ રંગ, ફળના કદ, મજબૂતાઈ અને રોગ પ્રતિરોધણ માટે જાણીતા છે."ખેડૂતોને હાઈબ્રિડ સીડ્સના લાભો દર્શાવવા તથા તેમની સાથે વ્યક્તિગત રીતે જોડાવા માટે અમે ફીલ્ડડ ડે અને ફાર્મર મીટનું આયોજન કરીએ છીએ. સેમિનિસ ખાતે અમે ખેડૂતોની જરૂરિયાતોને સારી રીતે સમજવા માટે હંમેશા પ્રયત્નશીલ છીએ. નિયમિત સંપર્કથી અમે ઉચ્ચ ગુણવત્તાયુક્ત બિયારણો વિકસાવવા સક્ષમ બન્યાં છીએ.

## વિઠ્ઠલ....વિઠ્ઠલ....વિઠ્ઠલા...

**હસતાં હસતાં**

**-નટુભાઈ આચાર્ય**

આખી વિઠ્ઠલનાથ સોસાયટીમાં શ્રાવણના દર સોમવારે વિઠ્ઠલનાથના મંદિરે ધૂનની રમઝટ બોલાય, 'વિઠ્ઠલ....વિઠ્ઠલ...વિઠ્ઠલા...' હરિ ૐ વિઠ્ઠલા..' પણ રાધામા જૂનવાણી મગજના તે આ ધૂનને ઝીલવાનું સાહસ ના કરે તે ના જ કરે. તેમના પરમાત્મા રૂપી પતિનું નામ જ વિઠ્ઠલદાસ.. ધૂનમાંય પતિ વિઠ્ઠલનું નામ ઓછું લેવાય ! શ્રાવણનું પુણ્ય ભલે થોડું ઓછું મળે, કેટલાક શ્રદ્ધાથી તો કેટલાક અંધશ્રદ્ધાના ડરથી ભજન કરે, લાભુમાસીને સવાસેરની લાપસી કરવાની રહી ગઈ તો વહુ અભરાઈએથી તપેલું ઉતારવા ગઈ ને ટેબલ ઉપરથી લપસી પડીને ત્રણ દિ' નો ખાટલો થયેલો. હીરામાને વળી સવા અગિયાર રૂપિયા ચરણે ધરવાના રહી ગયા તે વહુને સગાઈમાં આપેલી સાડા અગિયાર હજારની હીરાની વીંટી ખોવાઈ ગઈ. રાધા માને તો શ્રદ્ધાથી વિશેષ ધૂનમાં નાચવાનો ભારે શોખ. જરાક તાનમાં આવે કે પાડોશીના છોકરાને કેડમાં તેડીને માંડે નાચવા (રાધે રાધે !)

રાધામાનું નૃત્ય જોઈને તેમનો ખુદનો ભત્રીજો હર્ષ પણ મજાક કરે ને તેના સખા સગાળચંદને કહે, હે સગાળ, મારા કાકીનું નૃત્ય કયા પ્રકારનું કહેવાય ? સગાળચંદ શીઘ્ર જવાબ આપે, કૂદી કૂદી નૃત્ય' ને સાંભળીને બધાય મિત્રો હસી પડે. પછી સગાળચંદનો જિગરી દોસ્ત જીગો સગાળચંદને ટોણો મારે કે, 'સગાળ તને 'કૂદી' શબ્દ જ યાદ આવે ને ! તું જનમનો જ કૂડો.. તેં કૂડી ભંભેરણીઓ કરીને કેટલાયના ત્યાં કજીયા કરાવ્યા.. તારૂં નામ 'સળગાવચંદ' રાખવું જોઈએ. ને ફરી બધા હસી પડે એકવાર..

ખુદ સગાળચંદના ઘેર કાળજાં ફાટી જાય તેવો કજીયો થયો ને આ કજીયો જોવા (કે માણવા) નો હોંશે હોંશે આખી સોસાયટી ભેગી થઈ ગયેલી.. 'લગાકર આગ પાની મેં તમાશા દેખનેવાલે, તમાશા ખુદ બનતે હૈ, તો કૈસે હેરાન હોતે હે ?' તે દિવસે સગાળચંદને કંકાસ, કર્મ ફળ મળ્યાનો અહેસાસ થઈ ગયો.

ખટપટીયો હોવા છતાં સગાળચંદ શ્રદ્ધાળુ પણ જોરદાર.. એને દયાના ભંડાર વિઠ્ઠલ ભગવાનને ત્રણ દિકરીઓ ઉદાર દિલથી આપી પણ દીકરો એકેય નહીં.. પાડોશી રામલાલને દૂધ જેવા લવ કુશ જેવા બે દીકરા દીધા. સગાળચંદને એંધાણ મળ્યાં કે રામલાલના ત્યાં ત્રીજા સંતાનનું આગમન થવાનું છે.. તો એણે વ્હાલા વિઠ્ઠલનાથની બાધા રાખી કે.. 'હે પ્રભુ, મારે ત્રણ દીકરીઓને રામલાલને એકેય નહીં ! એના ત્યાં જો દુહિતાનું અવતરણ થશે તો પાક્કી સવા પાંચશેર જલેબી તમને ધરાવીને સોસાયટીમાં પ્રસાદ રૂપે વહેંચીશ.. મારા પાડોશી પરમેશ્વર પર પ્રસન્ન થાજો.. હે બાપ.. પરમેશ્વર....

હવે જોગાનુજોગ ભોળાનાથ બાપા સોસાયટીમાં પોતાનાં સંતાનોને ત્યાં શ્રાવણ મહીનો ન્હાવા આવેલા.. વિઠ્ઠલનાથ પ્રત્યેની શ્રદ્ધા તેમને છેક ગામડેથી શહેરમાં ખેંચી લાવેલી પણ એમના આગમનથી છોકરાઓમાં છડેચોક હાહાકાર મચી ગયેલો. બાપાની મુખાકૃતિ જ એવી ધોરાજી (સૌરાષ્ટ્ર)ની ધોળી ડુંગળી જેવા ડોળાને... પાછી ધૂન પણ પોતાની પર્સનલ ઝીલે.. 'ગોપાલ.. ગોપાલ...ગોપાલા..' દોષમાં કોણ પડે બા...પ...?'

નાચવાની વાત આવે તો અમથાલાલ અધ્યાપક કંઈ ઝાલ્યા ઝલાય ? એમને તો તાન પગવગું તે એ પણ મંડી પડે નાચવા. રાધામા તો બિચારા આવડે તેવું આડેધડ નાચે.. ડાબો પગ ડાકોર બાજુ તો જમણો જામનગર બાજુ જાય... તોય દીવાના થઈને નાચે.. શાયર કહે છે, 'દિવાને કો દિવાનગી કા સબબ મત પુછના, વો ખુદ નહીં જાનતા કિ વો દિવાના કયું હૈ?' પણ અમથાલાલનું નૃત્ય બાકાયદા ભલભલા જુવાનીયાઓને શરમાવે તેવું એમના બંને પુત્રોનું માથું પણ ઝુકી જાય. (શરમથી નહીં) પપ્પા પ્રત્યેના આદર ભાવથી જ. તેઓ અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પણ બોતેર વરસની ઉંમરેય નૃત્યથી નિવૃત્ત થાય એ બીજા. એમને તો કોઈ તહેવાર આવે એટલે જમાવટ. એક વાર કોઈ ઉત્સવ દરમ્યાન સવારે સવા અગિયાર વાગ્યે કોઈ મિત્રનો ફોન આવ્યો.. તેમનાં પત્નીએ ઉપાડયો.. મિત્ર કહે, 'બહેનજી જય નટરાજ.. સાહેબ ઘેર છે ? મળવા આવીએ..?' તેમના ધર્મપત્નીએ ઉરના ઉમળકે જવાબ આપ્યો, હા ઘેર તો છે પણ હજુ સુતા છે. એમને હમણાં સીઝન ચાલે છે. મિત્ર કહે, હેં શાની સીઝન ? બહેનજી કહે કે અત્યારે ઉત્સવમાં એમને 'નૃત્ય' ની સીઝન ચાલે છે ને રોજ રાત્રે અઢી વગાડે છે.. ગઈ રાત્રે સનેડાના ડાન્સમાં સતત સવા બે કલાક નાચીને આખાય નગરમાં ડંકો વગાડી દીધો.. એમના અમૂલ્ય પરફોર્મન્સથી ખુશ થઈ અમારા ખુદના જ પરિવારે આખી સોસાયટીને 'અમૂલ' નો આઈસ્ક્રીમ ખવડાવી દીધો.

લીંબુ નહીં પણ મોસંબી ઠેરે તેવી મુંછ... મુછ હો તો અમથાલાલ બાપા જૈસી વર્ના મુછ હીં ન હોં.' છોકરા એમને જોતાં જ રડારોળ કરી મૂકે.. આ સમસ્યાના સમાધાન માટે બાપાને ચંદુલાલ ચોકલેટવાળાએ રસ્તો બતાવ્યો..(બંનેના હીત માટે) કે બાપા દરરોજ ખિસ્સું ભરીને ચોકલેટ રાખેને બાળકોને વહેંચ્યા કરે. બસ પછી તો 'આગે જીત હૈ' એ ન્યાયે બાળકો બાપાના બે ચોકલેટના ચાહકો થઈ ગયા.

પણ બાપાની એક બાબતથી સોસાયટીવાળા પરેશાન હતાં. બાપા સવારે સાડા પાંચે ઉઠીને ટાઢા પાણીએ ન્હાતાં ન્હાતાં .ઊંચા સ્વરે મંત્રો બોલે, (જેથી ડરીને દિવસે બોલાયેલી ગાળોનું પરમ પ્રાયશ્ચિત થઈ જાય) સોસાયટીવાળાની ઊંઘ હરામ કરી નાખે.. સોસાયટીના સાહિત્યપ્રેમી પ્રોફેસર પ્યારેલાલે બાપાને આ માટે 'એકવીસમી સદીના કુકડા' ની ઉપાધિ (વ્યાધિકારક હોવાના નાતે !) અર્પણ કરી છે. હવે આ પ્યારેલાલ આમ તો ગુજરાતીના પ્રોફેસર પણ એમની પાસે રાજકારણ જ્ઞાન-વિજ્ઞાનને શાકબજારથી માંડી શેરબજાર સુધીનું જ્ઞાન અઢળક. કોઈપણ વિષય ઉપર એ મોકળા મનથી માહીતી આપે, પણ 'ગુજરાતી વ્યાકરણ' નો કોઈ પ્રશ્ન પુછે તો ઢીલા પડી જાય.

બસ હવે તો...વિઠ્ઠલનાથનો વ્હાલો કોઈ ભકત શ્રાવણના ઉગતા મંગળવારે કહે કે 'હે રાંકના રખેવાળ રામલાલના ત્યાં દીકરી અવતરે... સગાળચંદ કંકાસના મારગેથી કાયમ પાછો વળી જાય... પ્રોફેસર પ્યારેલાલને ગુજરાતીનું પર્યાપ્ત જ્ઞાન પ્રાપ્ત થાય... અમથાલાલને નૃત્યનો કોઈ મોટો એવોર્ડ મળે ને રાધામા શરમ સંકોચ છોડીને ગાતા થઈ જાય...વિઠ્ઠલ.... વિઠ્ઠલ....વિઠ્ઠલા....

**નટુભાઈ આચાર્ય, વારાહી**

## લગાઓ બોલીના પ્રથમ એપિસોડમાં શિલ્પા શેટ્ટી જોડાશે




ઝી ટીવી, દેશની પ્રિમિયર મનોરંજન ચેનલ, વિઆન ઈન્ડસ્ટ્રીઝ લિ, એક પ્રસિદ્ધ ગેમિંગ અને ટેકનોલોજી કંપની- જેના પ્રમોટર્સ છે, અગ્રણી આંત્રપ્રિન્યોર રાજ કુંદ્રા અને સેલિબ્રિટી શિલ્પા શેટ્ટી કુંદ્રા. તેમની સાથે સાથે સંયોજનમાં એક નવું વેન્ચર લાવી રહ્યું છે, જેનું નામ છે, 'લગાઓ બોલી'.

"લગાઓ બોલી" એ એક પારસ્પરિક ચર્ચા કરતો ગેમ શો, જેમાં એક નવો જ કોન્સેપ્ટ છે, જ્યાં ટીવીના દર્શકો, તેમના લગાઓ બોલી એપ કે પછી વેબસાઈટઃ www.lagaoboli.com પરથી તેમના ઘરેથી આરામથી અલગ- અલગ પ્રોડક્ટ માટે લાઈવ બીડ કરી શકશે. આ પ્રવાસની શરૂઆતમાં આ સિઝનના પ્રથમ એપિસોડમાં જ સેટ પર દર્શકો અત્યંત સુંદર શિલ્પા શેટ્ટીને જોઈ શકશે, જે મનોરંજનના ફેક્ટરને વધુ એક ઉંચાઈએ લઈ જશે. શિલ્પા શેટ્ટીએ ભપકાદાર ટાઉનની સૌથી વધુ ચહિતી સેલિબ્રિટીમાંની એક છે, જે શોમાં ભાગ લેતી જોવા મળશે તથા દર્શકોને કેટલીક ટીટ-બીટ્સ પણ આપશે કે કઈ રીતે તેઓ સૌથી ઓછી બિડ તૈયાર કરીને વિજેતા બની શકે છે. હવે, આપણે આ જોવાનું ચુકશું નહીં! આ સિઝનની બધી જ મસ્તીભરી પળોને માણવા માટે જોતા રહો, લગાઓ બોલી, આ રવિવાર, સાંજે ૬ વાગે, ફક્ત ઝી ટીવી પર.

# રતનપુર ચેકપોસ્ટ પર લોખંડી બંદોબસ્તના પગલે બે વાહનોમાંથી સવા બે લાખનો દારૂ ઝડપાયો





પ્રતિનિધી અરવલ્લી

આઈબી ઈનપુટને લઈને રતનપુર ચેકપોસ્ટ પર બખ્તરધારી એસઆરપીની એક પ્લાટુન તૈનાત કરવામાં આવી છે અને અરવલ્લી જીલ્લાની તમામ આંતરરાજ્ય સરહદો પર સઘન ચેકીંગ હાથ ધરવા છતાં જાણે બુટલેગરો બે ખોફ હોય તેમ સઘન સુરક્ષા તોડી મારુતિ કારમાં ૪૮ હજારનો અને સ્કોર્પિઓ ગાડીમાં ૧.૭૮ હજારનો વિદેશી દારૂ ભરી શામળાજી સુધી ધસી આવતા શામળાજી પોલીસે બંને વાહનોમાંથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી ૧ બુટલેગરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે જાબચિતરિયા ગામની સીમમાંથી વિદેશી દારૂ ભરી પસાર થતી મારુતિ-૮૦૦ કારને અટકાવી કાર માંથી વિદેશીદારૂની બોટલ નંગ-૯૬ કીં.રૂ.૪૮૦૦૦/- સાથે હિમાતાનગરના રાયકાનગર માં રહેતા જીતકુમાર ગણેશભાઇ રાણા (ભીલ) ની ધરપકડ કરી હતી કાર ચાલક ફરાર થઈ જતા કારની કીં.રૂ. ૫૦૦૦૦/- મળી કુલ.રૂ. ૯૮૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી અન્ય ત્રણ ઈસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

ભવાનપુર ગામ નજીક શામળાજી પોલીસની નાકાબંધી જોઈ રોડ પર સ્કોર્પિઓ જીપનો ચાલક ગાડી રોડ નજીક રાખી નાસી છૂટતા શામળાજી પોલીસે સ્કોર્પિઓ જીપ (ગાડી.નં-GJ-01-RD-4975 ) માંથી વિદેશી દારૂ-બીયરના ટીન નંગ-૧૨૬૯ કીં.રૂ. ૧૭૮૩૫૦/- નો જથ્થો જપ્ત કરી કારની કીં.રૂ. ૫૦૦૦૦૦/- મળી કુલ રૂ.૬,૭૮,૩૫૦/-નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર સ્કોર્પિઓ ગાડીના ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મેઘરજ મોડેલ સ્કુલ ખાતે ૭૦મો તાલુકા કક્ષાનો વન મહોત્સવ યોજાયો



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જીલ્લાના મેઘરજ ખાતે ૭૦ માં તાલુકા કક્ષાનો વન મહોત્સવનું યોજાયો યોજાયો હતો. જેમાં ભિલોડા મેઘરજ વિસ્તાર ના ધારાસભ્ય અનિલ જોશીયારા અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત શાળાની બાળાઓ દ્વારા ગીત રજૂ કરાયું હતું. મેઘરજ મોડલ સ્કુલ ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફિસર આર સી પરમારે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, જંગલ, જળ અને જમીનનું જતન ખુબ જ જરૂરી છે ત્યારે દરેક મોડલ સ્કુલના દરેક વિદ્યાર્થીએ એક એક વૃક્ષનું વાવેતર કરવું જોઈએ. ઉપરાંત વૃક્ષ ઉછેર પ્રત્યે લોકમાં જાગૃતિ કેળવવા રાજય સરકારે પ્રત્યેક જિલ્લા સહિત તાલુકામાં વન મહોત્સવની ઉજવણીનું આયોજન કર્યું છે ત્યારે લોકો વધુને વધુ વૃક્ષો વાવે તેવું ઉપસ્થિતોને આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે મેઘરજ તાલુકા પંચાયત પ્રમુખ સુરતાબેન ડામોર વન નિગમના ડિરેક્ટર જયવંતિકા ડામોર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા સૈનુ સ્વાગત કરાયા બાદ દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લુ મુકાયું હતું. મોડલ સ્કુલમાં ધારાસભ્ય સહિત રેન્જ ફોરેસ્ટ ઓફિસર. મામલતદાર, ટીડીઓ દ્વારા ૨૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું હતું. આ વેળાએ રેન્જ ફોરેસ્ટ ઓફિસર એ.બી.રાઠોડ આર સી.પરમાર, મેઘરજ મામલતદાર વી. કે.પટેલ તાલુકા વિકાસ અધિકારી વી. કે.કડીયા મેઘરજ બક્ષી મોરચાના પ્રમુખ ભીખાજી ડામોર તેમજ શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# વીજપોલ પાસેથી પસાર થતા યુવકનું કરંટ લાગતા મોત

પ્રતિનિધી સાબરકાંઠા

સમગ્ર ગુજરાતમાં વરસાદ વરસ્યો ત્યારે ઠેકઠેકાણે વીજ કરંટ લાગવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આવો જ એક કિસ્સો સાબરકાંઠાના તલોદમાં બન્યો છે. જ્યાં ઘર આગળ આવેલા વીજ પોલ પાસેથી પસાર થતાં જ કરંટ લાગ્યો હતો. જેના પગલે તેનું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથધરી છે.

મળતી માહિતી પ્રમાણે મેહુલસિંહ અરવિંદસિંહ પરમાર સાબરકાંઠાના તલોદ તાલુકાના ડુંગરી ગામમાં રહે છે. તેઓ આજે વહેલી સવારે પોતાના ઘર આગળથી પસાર થતાં હતા ત્યારે નજીક આવેલા વીજળીના થાંભલામાંથી પસાર થતી વીજળીના કારણે તેને કરંટ લાગ્યો હતો.

કરંટ લાગવાથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સાથે સાથે આ ઘટનાની જાણ થતાં જ પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી અને તલોદ પોલીસ ઘટના સ્થળે આવીને મેહુલસિંહના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે તલોદ સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો. અને અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથધરી હતી.

પરમાર પરિવારનો જુવાનજોધ યુવાનઅકાળે મોતને ભેટવાથી પરિવારમાં માતમ છવાયો હતો. અને આ ઘટનાના પગલે લોકો પણ એકઠાં થયા હતા.

# કેવડિયા નજીક ખીલવાની ગામે આ સુવિધાનો સીએમનાં હસ્તે પ્રારંભ

## આનંદો...રાજ્યમાં પહેલી સપ્ટેમ્બરથી રીવર રાફટિંગની મજા માણી શકાશે



કેવડિયા

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેવડિયા નજીક ખલવાની ખાતે પશ્ચિમ ભારતની પ્રથમ રીવર રાફટિંગ સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે. રીવર રાફટિંગની સુવિધાથી કેવડીયાના પ્રવાસન આકર્ષણમાં આગવું પીછુ ઉમેરાયુ છે. આગામી ૧લી સપ્ટેમ્બરથી ગુજરાતના સાહસિક યુવાનો પણ આ રિવર રાફટિંગનો લાભ માણી શકશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે દુનિયાભરમાં રીવર રાફટિંગ ખૂબ જ લોકપ્રિય છે અને વિશ્વના પ્રવાસીઓ એનો આનંદ માણવા પ્રવાસ કરે છે ત્યારે ખલવાની ઈકો ટુરિઝમ સેન્ટરની આ સુવિધા મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષશે. તેમને જણાવ્યું હતું કે, આજે પારસી સમાજનું નવું વર્ષ છે તો તેમને હું એડવાન્સમાં પારસી સમાજ ના તમામ લોકોને હું એડવાન્સમાં શુભકામના આપું છું પારસી સમાજ દૂધમાં સાંકળ ભળે તેમ વર્ષોથી ભળેલા છે અને લઘુમતીમાં પણ અલ્પ સમાજ છે.

નર્મદા ડેમ મુદ્દે જણાવ્યું હતું કે, નર્મદા ડેમને કેટલો ભરવો તે માટે એનસીસેની મજૂંરી જરૂર નથી. ડેમ પૂરો થઇ ગયો છે. જે પાણી આવતું જાય એ રીતે ટેક્નિકલી અભિપ્રાયો સાથે ધીરેધીરે વધારતા આપણે ભરીશું.

આ સુવિધાનો વિકાસ ઉત્તરાખંડના નિષ્ણાતોની મદદથી કરવામાં આવ્યો છે. આ સ્થળે બારેમાસ ૬૦૦ ક્યુસેક્સ જેટલો જળ પ્રવાહ રહે છે એટલે યુવાનો રેપીડ અને એક્સાઈટિંગ રાફટિંગની મઝા માણી શકશે અને સાહસિકતાના પાઠો શીખશે. આ જગ્યા જંગલોથી ઘેરાયેલી છે એટલે પ્રકૃતિ શિક્ષણનું કેન્દ્ર પણ બનશે. નદીના વળાંકોને લીધે રાફટિંગ ખૂબ આનંદપ્રદ બની રહેશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે જીઓના સહયોગથી આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ફ્રી વાઈફાઈ સેવા શરૂ કરાવી છે.

મુખ્યમંત્રીએ જંગલ સફારીના વિકાસનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે શ્રીમતી અંજલિબહેન રૂપાણી, જિલ્લા કલેક્ટર આઇ. કે.પટેલ સહિત મહાનુભાવો સાથે રહ્યા હતા.

# મેઘરજની રાંજેડી પ્રાથમિક શાળાના શિક્ષકની બદલીના વિરોધમાં શાળાને તાળાબંધી



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના રાંજેડી ગામની પ્રાથમિક શાળામાં વધમાં પડેલ શિક્ષકની બદલી કરવામાં આવતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને રાંજેડી પ્રાથમિક શાળાને તાળાબંધી કરી શિક્ષકને ફરીથી શાળામાં પરત લાવવાની માંગ કરતાં વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તાબડતોડ રાંજેડી પ્રાથમિક શાળામાં પહોંચી ગ્રામજનો અને વાલીઓ સાથે બેઠક કરી બદલી કરવાનું કારણ સમજાવતા વાલીઓમાં રોષ સમ્યો હતો અને તાળાબંધી થયેલો હોબાળાનો અંત આવ્યો હતો

મેઘરજ તાલુકાની રાંજેડી પ્રાથમિક શાળા ધોરણ.૧ થી ૮ માં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે ધો.૬ થી ૮ માં અભ્યાસ કરાવતા કિરણભાઈ પટેલ નામના શિક્ષક સરકારના અને પ્રાથમિક શિક્ષણ વિભાગના ધારા ધોરણ મુજબ વધ માં પડતા તેમની અન્ય શાળામાં બદલી કરવામાં આવી હતી સોમવારે સવારે રાંજેડી ગ્રામજનોએ શાળામાં સંખ્યા પૂરતી હોવાછતાં શિક્ષકની બદલી કરવામાં આવી હોવાથી શિક્ષકના અભાવે બાળકોના અભ્યાસ પાર અસર પડતી હોવાના આક્ષેપ સાથે રાંજેડી પ્રાથમિક શાળાની તાળાબંધી કરતાં ભારે હોબાળો થયો હતો રાંજેડી શાળાની તાળાબંધીને લઈને વહીવટી તંત્રમાં દોડધામ મચી હતી મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી લીલા બેન તાબડતોડ રાંજેડી પહોંચી ગામના અગ્રણીઓ અને વાલીઓ સાથે ચર્ચા કરી સમજાવટ કરતાં શાળાની તાળાબંધીને લઈને થયેલા હોબાળાનો અંત આવ્યો હતો.

**મેઘરજ પ્રાથમિક શિક્ષણાધિકારી લીલાબેન તાળાબંધીની ઘટનાથી અકળાઈ ઉઠ્યા હતા**

રાંજેડી પ્રાથમિક શાળામાં તાળાબંધી કરતાં આ અંગે પ્રાથમિક શિક્ષણાધિકારી લીલા બેનને ટેલિફોનિક પૂછપરછ કરતાં શરૂઆતમાં અકળાઈ ઉઠ્યા હતા અને રાંજેડી પ્રાથમિક શાળામાં તાળાબંધી અંગે તમને જેને ફોન કર્યો હોય તેને પૂછો જેવો તુમાખી ભર્યો જવાબ આપ્યો હતો તેમની તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ફરજ અને જવાબદારી બનતી હોવાનું જણાવતા હાલ ગ્રામજનો સાથે મિટિંગ ચાલુ હોવાનું અને સમાધાન થયી ગયું હોવાનું જણાવ્યું હતું

# વર્લ્ડ ચેમ્પિયન રહી ચૂકેલ આનંદ વર્લ્ડકપમાં નહીં રમે

પાંચ વાર વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકેલ વિશ્ર્વનાથન આનંદ રશિયામાં ૯મી સપ્ટેમ્બરથી ૪થી ઑક્ટોબર સુધી યોજાનારા આગામી વર્લ્ડ કપમાં ભાગ લેનાર નથી.

છેલ્લા ૧૨ મહિનામાં પોતાના રેટિંગની સરેરાશના બળે આનંદ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આપોઆપ ક્વોલિફાઈ થયો હતો.

આનંદના નજીકના વર્તુળે જણાવ્યું હતું કે તે કેન્ડિડેટ સ્પર્ધા માટે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે જેનું આવતા વર્ષે આયોજન થનાર છે કે જેમાં તે કાર્લસેનને વિશ્ર્વ વિજેતાપદ માટે પડકાર ફેંકશે અને આ કારણે તે કઈ કઈ સ્પર્ધામાં રમવું તેની સગવડ માટે પસંદગી કરતો હોય છે.

# ભારતીય મહિલા હોકી ટીમે ઓલંપિક ટેસ્ટ ઈવેંટમાં જાપાનને ૨-૧થી હરાવ્યું

ભારતીય મહિલા હોકી ટીમે શનિવારે ઓલંપિક ટેસ્ટ ઈવેંટમાં વિજયી શરૂઆત કરતા પહેલી મેચમાં યજમાન ટીમ જાપાનને હરાવ્યું છે. મહિલા હોકી ટીમે જાપાન સામે ૨-૧થી જીત મેળવી છે. ભારતે પેનલ્ટી કોર્નર વિશેષજ્ઞ ગુરજીત કૌરની મદદથી નવમી મીનિટમાં જ લીડ મેળવી લીધી હતી. જે બાદ ૧૬મી મીનિટમાં જાપાનની અકી મિતસુહાસીના ગોલથી ૧-૧થી બરાબરી કરી. જો કે, ગુરજીતે ૩૫મી મીનિટમાં પેનલ્ટી કોર્નર પરથી ગોલ કરી ભારતને ૨-૧થી લીડ અપાવી. જે નિર્ણાયક સાબિત થઈ.

ભારતીય ટીમ વધારે અટેકિંગ મોડમાં જોવા મળી રહી હતી અને આ બંન્ને ટીમ છેલ્લા બે વર્ષમાં ઘણી મેચો સાથે રમી હોવાથી બંન્ને ટીમો એકબીજાની રણનીતિ સારી રીતે સમજી રહી હતી. જેથી હાફ ટાઈમ સુધી સ્કોર ૧-૧ રહ્યો. ત્રીજા ક્વાર્ટરમાં ભારતે ૩૫મી મીનિટમાં પેનલ્ટિ કોર્નર મેળવ્યો. ગુરજીતે આ તકને ગોલમાં પરિવર્તિત કરી. વધેલા સમયમાં જાપાને બરાબરી કરવાની કોશિશ કરી પરંતુ તેમાં તે સફળ રહી શક્યું નહી.

# કસુંબલ કેફના ગાયક, નાદબ્રહ્મના આરાધક, સૌરાષ્ટ્રના લોક સંગીતના સૂર-સાધક અને સૂર -શબદના અગ્રિમ હરોળના લોક ગાયક હેમુ ગઢવીએ સ્વાર્ગારોહણ કર્યુ

વડોદરા

**મોંઘામૂલી સૌરાષ્ટ્રનની રસધાર જે રચતો ગયો,**
**ઈ કલમની વાચા બની તું ગીતડાં ગાતો ગયો,**
**એ લોકઢાળો પરજના, કોઈ દાદ કંઠે ધારશે,**
**તે વખત આ ગુજરાતને, હા યાદ હેમુ આવશે.**

જન્માષ્ટમી એટલે સૌરાષ્ટ્રવાસીઓ માટે સૌથી મોટો તહેવાર ! શ્રાવણ મહિનો હોય એટલે એક પછી એક તહેવારોની શૃંખલા ચાલુ હોય એમાંય આઠમ આવે એટલે કાનુડાને વધારવા આખુયે સૌરાષ્ટ્ર હરખઘેલું થાય. મેળા , રાસ- ગરબા , દુહા –છંદ ,લોકગીતો, લોક ડાયરા આવા કેટ-કેટલાં માધ્યમો થકી લોકોનો ઉત્સાહ પ્રદર્શિત થતો રહે પણ ઈ.સ. ૧૯૬૫ની આઠમ (તા. ૨૦મી ઓગષ્ટ) માત્ર સૌરાષ્ટ્રવાસીઓ માટે નહી ,ગુજરાતી ભાષાના તમામ લોકસાહિત્યપ્રેમીઓ માટે જાણે કાળરાત્રિ બનીને આવી હતી.કસુંબલ કેફના ગાયક, નાદબ્રહ્મના આરાધક, સૌરાષ્ટ્રના લોક સંગીતના સૂર-સાધક અને સૂર -શબદના સોળવલા સોના જેવા અગ્રિમ હરોળના લોક ગાયક અને કાનુડાની વાંસળીમાં ખૂટતા હેમુ ગઢવી નામના એક સૂરે તે દિવસે પડધરી મુકામે રજપૂત જ્ઞાતિના રાસ-ગીતોનું રેકોડ'ગ કરતાં-કરતાં જ સ્વ ર્ગારોહણ કર્યુ. આજે એમનાં સ્વર્ગરોહણની પુણ્યતિથી છે.ચોટીલા પંથકના માંડ બસો માથાની વસ્તી ધરાવતા ઢાંકણીયા નામના ગામમાં નાનભા ગઢવી નામના સામાન્યા સ્થિલતિના ચારણને ત્યાંસ સને ૧૯૨૯ની ચોથી સપ્ટે મ્બસરે જન્મે લા હેમુ નામના સંતાને માત્ર એ કુળ કે ગામને નહી, સમગ્ર સૌરાષ્ટ્રથને અને લોકસાહિત્યયને ઉજાળ્યું - દુનિયા આખીમાં એની નામના કરી.દેશી નાટક કંપનીથી શરૂ થયેલી સ્વં. હેમુ ગઢવીની કલાયાત્રા આકાશવાણીમાં વિરામ પામી તે પહેલાં તો લોકસાહિત્ય , ચારણી સાહિત્યિ, શૌર્ય ગીતો, શૌર્યકથાઓ, લોકગીતો, ભજનો અને એવાં તો કેટ-કેટલાંય ફલકોને દૈદિપ્ય માન કરી ચૂકી હતી.આર્થિક સંકડામણને કારણે અભ્યા સ અધૂરો છોડીને ખેતીકામમાં જોતરાયા પણ હેમુભાઈના હૈયામાં ધરબાયેલી કલાપ્રીતિ એમને જંપવા દે તેમ નહોતી. રોકડા રૂપિયા પંદરના પગારદાર તરીકે મામા શ્રી પથુદાન તથા કરણીદાન અને શંભુદાનની નાટક કંપનીમા જોડાયા. સૌ પ્રથમવાર હેમુભાઈએ મોરલીધર નામના નાટકમાં ભગવાન શ્રી કૃષ્ણાની ભૂમિકા ભજવીને પ્રેક્ષકોનો એક આગવો ચાહક વર્ગ ઉભો કરી લીધો હતો. આ કંપનીમાં ત્રણ વર્ષ કામ કરીને અનુભવનું ભાથું બાંધ્યુંપ અને સાથે સાથે નયમાં પણ કાઠું કાઢ્યું અને રાજકોટની તરૂણ નાટક કંપનીમાં રૂા. ૫૧ ના માસિક પગારે જોડાયા.નાટકના જુદા જુદા પાત્રોમાં ઓળઘોળ થઈને અભિનય કરતા આ જુવાનીયાનો મધુર, બુલંદ કંઠ એને હીરાપારખુ ઝવેરીઓ મારફત આકાશવાણી સુધી લઈ ગયો અને તે દિવસથી હેમુભાઈએ શ્રોતાઓને મંત્રમુગ્ધજ કરવામાં પાછું વાળીને જોયું નહી. આ ગાયકના ગળાની તાકાત અને એના સ્વનરનો જાદુ તો જુઓ કે અવાજને સાચવવાના વિકસતા જતા વિજ્ઞાન સાથેના તમામ ઉપકરણોએ એમને હોંશે હોંશે સાચવ્યાા છે. લોંગ પ્લેિ



રેકોર્ડ,આકાશવાણીના સ્પૂલ્સ૧,ઓડીયો કેસેટો અને કોમ્પે કટ ડીસ્કણ પણ સ્વચ. હેમુભાઈના હલકભર્યા ઘેઘૂર કંઠથી અલિપ્તથ રહી શકયાં નથી. હેમુ ગઢવી ટ્રસ્ટની રૈંહ્વી ચેનલના ૧૦ હજાર જે bscribers અને ૧૨ લાખ કરતાં વધુ viewers - આ ગાયકના કંઠના દૈવત્વનું પ્રમાણ છે. રાજ મને લાગ્યોક કસુંબીનો રંગ, બાર બાર વરહે નવાણ ગળાવ્યાં , રૂડીને રંગીલી રે વા'લા તારી વાંસળી - આવાં કેટ-કેટલાં ગીતોની યાદી કરીએ? આકાશવાણીના માધ્યમથી ઘેર ઘેર પહોંચતાં એમનાં ગીતો-નાટકો કંઈ કેટલીયે દુઃખી વહુવારુઓને જીવવાની તાકાત પુરી પાડતાં હતાં.

માત્ર રેડિયો પર અવાજ સંભળાવીને પોતાનાં સંતાનોને 'હેમુમામા' તરીકે ઓળખ આપનારી સાવ અજાણી બહેનોને પણ સ્વ.હેમુભાઈએ યથાશક્તિ મદદ કર્યાની ઘટનાના સાક્ષીઓ આજે પણ હયાત છે.

રાજકોટ ખાતે ગુજરાત સરકાર ધ્રૂવોરા તૈયાર થયેલા ઓડીટોરીયમ સાથે સ્વર. હેમુ ગઢવીનું નામ સાંકળવાનું સ્તુહત્યર પગલું લઈને સરકારે આ કલાકારની યથોચિત કદર કરી છે એટલું જ નહી અનેક સૂર ચાહકો - કલાપ્રેમીઓ અને કલા સંસ્થાુઓની માંગણી પણ સંતોષી છે.

સ્વ. હેમુભાઈના સુપુત્રોએ એમની સ્મૃતિઓને ચિરંજીવ રાખવા માટે જન્મભૂમિ ઢાંકણીયામાં 'હેમતીર્થ 'ની સ્થાપના કરી છે. 'હેમતીર્થ' ખરા અર્થમાં સ્વ. હેમુભાઈનું સ્મારક બની રહે તે માટે હેમુ ગઢવી ટ્રસ્ટના સંવાહકોએ પૂરતી જહેમત લીધી છે. અહીં અનેક દુર્લભ તસવીરોનાં પ્રદર્શન ઉપરાંત એક ઓડીયો લેબ છે , જયાં રસિકો સ્વ. હેમુભાઈનાં ગાયેલાં અને સંગીતબદ્ધ કરેલાં તમામ સર્જનો માણી શકે છે , ઓડિયો-વિઝ્યુઅલ થિયેટર છે જેમાં સ્વ. હેમુભાઈના જીવન- કવન અંગેની ડોક્યુમેન્ટ્રી પ્રદર્શિત કરાય છે. ટૂંકમાં , લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ કે લોકસંગીતમાં રસ ધરાવતા તમામ લોકો માટે તો આ ખરા અર્થમાં 'તીર્થ' છે જ - પણ જો તમે કોઈ અલૌકિક અનુભૂતિમાં વિશ્વાસ ધરાવતા હો તો પણ ઢાંકણીયાની મુલાકાત લેવાનું ચૂકશો નહી. હેમુ ગઢવી ટ્રસ્ટની નિશ્રામાં સને ૨૦૧૫માં '૧૯૬૫થી ૨૦૧૫: અરધી સદીની સ્મરણયાત્રા' શિર્ષક તળે એક ત્રિ-દિવસીય કાર્યક્રમમાં પૂ. મોરારીબાપુ, તત્કાલિન રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજી, તત્કાલિનશ્રી મુખ્યમંત્રી સુશ્રી આનંદીબેન પટેલ, પરશોતમભાઈ રૂપાલા, રિલાયન્સ ઈંડસ્ટ્રીઝના શ્રી. ધનરાજભાઈ નથવાણી Dhanraj Nathwani સહિતના ગણમાન્ય મહાનુભાવો અને સાહિત્યપ્રેમીઓએ સ્વ. હેમુભાઈનો ગુણાનુરાગ કર્યો હતો. આ પ્રસંગે સ્વ.હેમુભાઈના સુપુત્ર શ્રી રાજેન્દ્રભાઈની (Rajendra Hemu Gadhvi )પરિકલ્પના અને સંકલનમાં પાંચ દાયકા પહેલાં રેકોર્ડ થયેલી લોકપ્રિય રેડિયો નાટિકા 'કવળાં સાસરિયાં'નું મંચન કરાયું હતું. દિગ્ગજ કલાકરોએ ભજવેલ નારીના અંતરમનની વ્યથા વ્યક્ત કરતી , માનવ અસ્તિત્વને હચમચાવી નાખતી નાટિકા નિહાળવા માટે નીચે you tube લિંક આપી છે.લોકરતન સ્વ . હેમુભાઈ ગઢવીએ મૃત્યુવના આગલા દિવસે જ આકાશવાણી રાજકોટના તે સમયના લોકપ્રિય કાર્યક્રમ અબાજી-ગબાજીમાં જે દોહો રજુ કર્યો હતો તેનું આજે સ્મરણ થયા વગર રહેતું નથી.

**નામ રહંતાં ઠાકરા, નાણાં નહી રહંત,**
**કીર્તિ કેરાં કોટડાં, પાડયાં નહી પડંત.**

મનીષ જોષી (મૌન)

# હિંમતનગર જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા ફેડરેશન સપ્તાહની ઉજવણી



પ્રતિનિધી સાબરકાંઠા

હિંમતનગર જૈન સોશ્યલ ગ્રુપ હિંમતનગર દ્વારા ફેડરેશન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ૧૫મી ઓગસ્ટે હિંમતનગર બાલમંદિરમાં સ્વાતંત્ર દિને ધ્વજવંદન કર્યું બાળકોને રક્ષાબંધનનો પ્રોગ્રામ તથા તેમને સેવ બુંદી નું વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે બાળકોએ સુંદર સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કર્યો હતો અંતે બાલ મંદિરના બગીચામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

આ પ્રસંગે જૈન સોશ્યલ ગ્રુપ હિંમતનગરના પ્રમુખ મનન મહેતા દીપ ભાઈ ત્રિવેદી ઉપપ્રમુખ ભૂમિ બેન કાજલ વખારિયા ડી કુલ ગાંધી જૈમીન દોશી હિંમતનગર બાલમંદિર ના પ્રમુખ પ્રફુલભાઇ વ્યાસ સેક્રેટરી સતિષભાઈ શાહ તથા સંગીની પ્રમુખ હેતલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# રામદેવજી જન્મભૂમિ ઉપર બે દિવસીય રામદેવ લીલામૃત કથાનું આયોજન



પ્રતિનિધી અરવલ્લી

દ્વારિકાધીશના અવતાર રણુજાધીશ ભગવાન બાબા રામદેવજીની ઊંડું -કાશ્મીર (બાડમેર)ની જન્મભૂમિના પાવન સ્થાન ઉપર બાબા શ્રી રામદેવજી લીલામૃતનું અયોજન કરવામાં આવ્યું છે.

પ.પૂજ્ય સંત મુરલીધરજી મહારાજના શ્રી મુખે યોજાનારી આ કથાનો મંગલ પ્રારંભ ૩૧ ઓગસ્ટના રોજ થશે અને તેની પૂર્ણાહુતિ તા.૧ સેપ્ટમ્બરના રોજ થશે.કથા શ્રવણનો સમય બપોરના ૧ થી સાંજના ૫ સુધી રહેશે.એમ ઉડું-કાશ્મીર રામદેવ જન્મભૂમિ મંદિરેથી ઓમ મહારાજે જણાવ્યું હતું.

### ધાનેરમાં વસતા...

પાના નં.૩ ચાલુ

અને સાંજના સુમારે અવ-નવા નવા પહેરવેશ માં ધાનેરા ખાતેના દાદા લાધુરામજી ના ડેરા પર એકઠી થઈ એક તાળાવળી બનાવી તેમાં એક લીબડી વાવી અને તેમાં ભગવાન શિવ અને પાર્વતી ની પૂજા અર્ચના કરી હતી અને ત્યાર બાદ ભગવાન ત્રીજની વાર્તા શાંભળી અને રાત્રે ચંદ્ર દર્શન કરી ઉપવાસની પૂર્ણાવૃતી કરે છે.

### ડીસામાં રાષ્ટ્રીય...

પાના નં.૩ ચાલુ

પરેશભાઈ જીવરાણી પારેસભાઈ ત્રિવેદી, જયેશભાઈ દેસાઈ, વ્રજેશભાઈ સોની, ડો. વિશાલભાઈ ઠક્કર, નિરવભાઈ ચાંપાનેરી, ખજાનચી મહેશભાઈ જોષી તથા મહેશભાઈ ભટ્ટ, સુરેશભાઈ ઠક્કર દિપકભાઈ અખાણી, ભાવેશભાઈ ઠક્કર, ભરતભાઈ પરમાર, શાંતિભાઈ ત્રિવેદી, જયંતિભાઈ જોષી, નિરંજનભાઈ ઠક્કર, દિનેશભાઈ ઠક્કર, ભાણજીભાઈ જોષી અને ડો. જગદીશભાઈ ઠક્કર તેમજ મહિલા પાંખના સભ્યો શિલાબેન મહેશ્વરી, શિલ્પાબેન ઠક્કર, ભાનુમતિબેન ખત્રી, ગીતાબેન ત્રિવેદી, મિતાબેન ઠક્કર, કિંજલબેન ઠક્કર, અમિતાબેન જોષી, પ્રિયંકાબેન ઠક્કર, વગેરે સભ્યોએ ખૂબ જ જહેમત ઉપાડીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ગાંધી સરદાર...

પાના નં.૩ ચાલુ

રોજ કોલેજ પરિસર સફાઈ, તા.૭/૮/૧૯ ના રોજ રોપારોપણ, તા.૮/૮/૨૦૧૯ ના રોજ સ્વચ્છતા શપથ તા.૧૦/૮/૧૯ ના રોજ સ્વચ્છતા સેવા રેલી, તા.૧૪/૮/૧૯ ના રોજ પ્રતિમા સ્વચ્છતા અને ચર્ચા ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો પૈકી આ ચાર કાર્યક્રમ કોલેજ પરિસરમાં આયોજિત કરવામાં આવ્યા હતા. જ્યારે સ્વચ્છતા જાગૃત રેલી અને મહાપુરૂષોની પ્રતિમા સ્વચ્છતા કાર્યક્રમોમાં ડીસા નગરપાલીકા અને વનવિભાગનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો પ્રોગ્રામ ઓફિસર આશાબેન ચૌધરીના નેતૃત્વમાં ઉજવાયેલ સ્વચ્છતા પખવાડિયાના વિવિધ કાર્યક્રમોમાં કોલેજના આચાર્યા વંદનાબેન સિસોદીયા પ્રો.ડો.ભાનુભાઈ પટેલ, પ્રો.હરેશભાઈ ત્રિવેદી તેમજ વિદ્યાર્થીઓએ પોતાનો સમય ફાળવી યોગદાન આપ્યુ હતું. સરસ રીતે ઉજવાયેલ સ્વચ્છતા પખવાડિયા બદલ કોલેજ નિયામકશ્રીએ એન.એસ.એસ.ની પુરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### ભીલડી ખાતે...

પાના નં.૩ ચાલુ

સૂત્ર સાથે આજે ભીલડી ખાતે ગરીબ લોકોના હસ્તે માનવતાની દીવાલને ખુલ્લી મૂકાઈ હતી.આ પ્રસંગે ભીલડીના સરપંચ મહેશભાઇ મોદી, પૂર્વ સરપંચ નારણદાસ, વેલફેર યુવા ગ્રુપના સભ્ય મિતેશભાઇ સોની, મુકેશભાઇ ભાટી, જયેશ ઠક્કર ચિરાગ દવે, પિન્ટુ ઠક્કર અને મોન્ટુ સોની સહિત યુવા ગ્રુપના અન્ય સભ્યો અને ભીલડીના અગ્રણીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી યુવા વેલફેર ગ્રુપના આ સત્કાર્યની સરાહના કરી સેવાભાવી યુવાનોનું મનોબળ વધાર્યુ હતુ.

### ધાનેરા તાલુકાના...

પાના નં.૮ ચાલુ

હેરાન થાય છે તેવી તસ્વીર જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ લાવવા માટે બાળકોએ મીડિયા ની મદદ લઇ પોતાની સમસ્યા વ્યક્ત કરી હતી.ધોરણ ૧૦ મા અભ્યાસ કરતી શિલ્પા નામની વિદ્યાથીનીએ શાળા એ જતા કેવી સમસ્યાઓથી આ ગંદા કાદવ અને પાણીમાંથી પસાર થવું પડે છે તે પ્રત્યક્ષ રજુઆત કરી હતી.

સરકાર ચારે કોર એક જ વાત કરી રહી છે કે બાળકો ને શિક્ષણ આપો જો કે શાળાએ આવતું બાળકને રસ્તા મા કોઈ સમસ્યા છે કે નઈ તે દિશા તરફ પણ સ્થનિક વહીવટી તંત્રે ધ્યાન આપવાની જરૂર છે. શિયા ગામના ૬૦થી પણ વધારે બાળકો આ ખરાબ રસ્તાના કારણે મુશ્કેલી વેઠી રહ્યાં છે.કેન્દ્રની મનરેગા યોજના હેઠળ આ રસ્તાનું માટી કામ કરાવી પાણી ના ભરાય તે માટે શિયા પંચાયત આ સમસ્યાનો નિકાલ લાવે તેવું સ્થાનિક લોકો રજુઆત કરી રહ્યા છે.

### આતંકી હુમલાના ...

પાના નં.૮ ચાલુ

યાત્રાધામ અંબાજી ખાતે પણ સુરક્ષામાં વધારો કરાયો છેબોર્ડર વિંગના જવાનો તેમજ સ્થાનિક પોલીસ ઉપરાંત જીઆરડી જવાનો ચોવીસ કલાક ખડેપગે મંદિર સંકુલમાં ફરજ બજાવી રહ્યા છે. બોમ્બ સ્કવોડ તેમજ ચોવીસ કલાક હેલ્પલાઇનની સવલત સાથે અંબાજી પોલીસને બુલેટપ્રૂફ જેકેટથી સજ્જ કરી દેવાઇ છે. અંબાજી મંદિરમાં તમામ જગ્યાએ સુરક્ષા પોઈન્ટ ગોઠવાયા છે અને રાજસ્થાનથી અંબાજીને જોડતા માર્ગ પર સરહદ છાપરી બોર્ડર ઉપર પણ પોલીસ દ્વારા તમામ વાહનનોનું સઘન ચેકિંગ હાથ ધરાયુ છે. છાપરી બોર્ડર પર અંબાજી પોલીસ અને હોમગાર્ડના જવાનો રાજસ્થાનથી આવતા તમામ વાહનોનું ચેકિંગ કરી રહ્યા છે. બનાસકાંઠા પોલીસ હુમલાના એલર્ટને લઈને સજ્જ હોવાનો દાવો અંબાજી પોલીસે કર્યો છે.

હુમલાની દહેશતને લઇ બનાસકાંઠામાં સઘન ચેકિંગ હાથ ધરાયું છે અને અંબાજી મંદિરની સુરક્ષા વ્યવસ્થામાં પણ વધારો કરી તમામ પોઈન્ટ પર બોર્ડર વિંગના જવાનોને તૈનાત કરાયા છે. અંબાજી પોલીસના પીએસઆઈ અને પીઆઈ સહિતના અધિકારીઓ પણ ચાંપતો બંદોબસ્ત ગોઠવી બાજ નજર રાખી રહ્યા છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી પણ અંબાજી મંદિરની સુરક્ષાને લઈ સુરક્ષાના સાધનો સાથે ચેકિંગ કરી રહી છે. લાખો યાત્રાળુઓનું શ્રદ્ધાકેન્દ્ર એવા અંબાજી મંદિરમાં આગામી ભાદરવી પૂનમના મેળા અને આતંકી હુમલાના આઈબીના એલર્ટના પગલે સુરક્ષામાં વધારો કરાયો છે ત્યારે જિલ્લા પોલીસ અધિક્ષકે પણ આજે સુરક્ષા વ્યવસ્થાનું જાત નિરીક્ષણ કર્યું હતું.

### વડગામના પેપોળમાં ...

પાના નં.૮ ચાલુ

હતા તે દરમ્યાન, પેપોળ ગામે ધર્માભાઈ વણઝારાના વાડામાં જુગાર રમાતો હોવાની ખાનગી બાતમી મળી હતી. તેથી પોલીસે આકસ્મિક દરોડો પાડતા જુગારીયાઓમાં દોડધામ મચી ગઇ હતી પરંતુ પોલીસે પીછો કરીને ૬ જુગારીયાને પકડી પાડ્યા હતા પોલીસે તેમની પાસેથી રોકડ રૂ. ૧૨,૫૯૦ અને ૬ મોબાઈલ મળી કુલ રૂ. ૧૭,૦૯૦ નો મુદ્દામાલ પણ કબજે લઈ તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે પોલીસની કડકાઈથી જુગારીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

### લીલી શાકભાજીઓના...

પાના નં.૮ ચાલુ

ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે જથી ભાવો પણ વધી રહ્યા છે. ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અગાઉ શાકભાજી ૨૦ થી ૨૫ રૂપિયે કિલો હતી તે શાકભાજી અત્યારે ૫૦ થી ૬૦ રૂપિયા ઉપર પહોંચી ગઈ છે તો કેટલી શાકભાજીના ભાવ તો સો રૂપિયા ઉપર પણ જોવા મળી રહ્યા છે.શાકભાજીના ભાવમાં વધારો થતાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની પણ મુસીબતમાં વધારો થયો છે સાથે ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ રહ્યું છે.

ડીસા આજુબાજુ મોટા પાયે શાકભાજીનું વાવેતર થતું હોય છે.આ ઉપરાંત ડીસામાં બહારના ક્ષેત્રોમાંથી પણ બહોળા પ્રમાણમાં લીલી શાકભાજીની આવક થતી હોય છે.પરંતુ બહારથી આવતી શાકભાજી પણ ઓછી આવતી હોવાથી છેલ્લા કેટલાક દિવસથી ભાવો સતત વધતા રહ્યા છે.જેમાં અત્યારે તો ફરી તહેવારોની સીઝન ચાલુ થઈ જતા ભાવો આસમાનને આંબી રહ્યા છે.

### ડીસા તાલુકાના...

પાના નં.૮ ચાલુ

ન આપતા વિધાર્થી ઓએ ચકકાજામનું શસ્ત્ર ઉગામ્યું છે. થેરવાડા ગામે સોમવારે સવારે વિધાર્થીઓ શાળાએ જવા ઉભા હતા. આ દરમ્યાન એસ.ટી બસ નહી ઉભી રાખતાં વિધાર્થીઓ આખરે કંટાળીને લાલઘુમ બનીને બસ સ્ટેશન પર બસ રોકી ચકકાજામ કર્યો હતો. જ્યારે તેઓએ બસ પર ચડીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. જોકે,બાદમાં એસ.ટી વિભાગના અધિકારીઓએ મામલો થાળે પાડ્યો હતો.

### પાલનપુર ખાતે...

પાના નં.૮ ચાલુ

આજરોજ કર્મચારીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરી વિરોધ જતાવવામાં આવ્યો હતો.તેમ છતા જો આગામી દિવસોમાં મહેસુલી કર્મચારીના પ્રશ્નોનો કોઇ ઉકેલ નહી આવે તો મહામંડળના આદેશ મુજબના કાર્યક્રમો કરી વિરોધ નોંધાવવામાં આવશે.

### મેઘરજના ગોંધાવાડામાં...

પાના નં.૮ ચાલુ

જ્યારે નરસિંહભાઇના પત્નીએ વાડામાં જોયુ તો બકરા મૃત હાલતમાં જોવા મળ્યા હતા. જાણકારોનું માનીએ તો દીપડાએ બકરીઓનું મારણ કર્યુ હોય તેવુ જણાય છે. આ ઘટનાને લઇ સમગ્ર પંથકમાં માલધારીઓમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ આ સમગ્ર મામલાથી વન વિભાગ અજાણ હોય તેવુ લાગી રહ્યું છે. દસ દિવસ અગાઉ માલપુરના મેવડામાં આવી જ ઘટનામાં ઘર આગળ બાંધેલ તબેલામાંથી વાછરડાનું મારણ કર્યું હતું.

### માલપુરના અણીયોરમાં ...

પાના નં.૮ ચાલુ

હતી કાચી દિવાલ ધરાશાયી થતાં નજીક ઉપસ્થિત આઠ વર્ષની મેઘા અને વૃધ્ધ રમીલાબેન જયંતિભાઇ ઇજાગ્રસ્ત થયા હતા. ઘટનાની જાણ વાયુવેગે તંત્ર સુધી પહોંચી જતાં બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે વાત્રક રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જયારે દિવાલ નજીક ઉપસ્થિત અન્ય એકનો આબાદ બચાવ થયો છે.

સમગ્ર મામલે માલપુર તાલુકા મામલતદાર કચેરી દ્વારા તલાટી મારફત રીપોર્ટ મંગાવી જોગવાઇ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સંસ્કૃત સપ્તાહની ઉજવણી



પ્રતિનિધિ થેરવાડા

નાલંદા વિદ્યાલય થેરવાડા મુકામે તા.૧૩/૦૮/૨૦૧૯ ને મંગળવારનાં સંસ્કૃત સપ્તાહ દિવસની ઉજવણી કરવામા આવેલ જેમા શાળાના સમગ્ર સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓએ આજના આ કાર્યક્રમને ઉત્સાહ-સહભાગીદારી પૂર્વક કાર્યક્રમને દિપાવ્યો. કાર્યક્રમની શરૂઆતમાં ધો-૯ ની વિદ્યાર્થીની બહેનો દ્વારા શ્લોકગાન કરવામા આવ્યુ. ત્યારબાદ ધો-૯,૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ સંસ્કૃતભાષાનું મહત્વ, સંસ્કૃતભાષામાં રહેલ વિશિષ્ટતાઓ અને સંસ્કૃતભાષામાં રહેલુ સત્ય –તથ્યની આગવી વિશેષતાનું મહત્વ રજુ કરવામાં આવ્યુ.સાથે સાથે ધો-૯ અને ૧૧ની વિદ્યાર્થી બહેનોએ સંસ્કૃતગીતનું ગાન કરી વાતાવરણને પવિત્ર બનાવ્યુ. તેમજ સંસ્કૃત વિષયના શિક્ષિકા બહેન ગોહિલ જયાબહેને પણ સંસ્કૃત દિનના આ ઉત્સવની ઉજવણી ક્યારથી અમલ કરવામાં આવ્યો તેના વિશે માહિતી આપવામાં આવી.કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય વિનોદભાઇ ચૌધરી સાહેબે પણ સંસ્કૃત ભાષાના મહત્વ વિશે જાણકારી આપી અને કાર્યક્રમની આભારવીધી કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન હિતેશભાઇ બારોટે કર્યુ હતું.

## સમકીતી આત્મા સુખમાં સાવધાન દુઃખમાં સમાધિમાન હોય છે

મુંબઈ

શ્રી વર્ધમાન શ્વે.મૂ.જૈન સંઘ પરેલમાં પં.રાજરક્ષિત વિજયજીએ ભરસભાને સંબોધન કરતાં જણાવ્યું કે, સમ્યગ્ દર્શન એટલે આધ્યાત્મિક જગતનું સગપણ અને સમ્યગ ચારિત્ર એટલે આધ્યાત્મિક જગતનુંલગ્ન. ચિંતામણી રત્ન અને કલ્પવૃક્ષથી પણ વધુ પાવરફુલ સમકીત છે. જિનશાસનનું પ્રવેશદ્વાર સમકીત છે. સંપત્તિ મેળવવાની જેવી લગન છે તેવી સમકીત પામવાની લગન હોવી જોઈએ. સમકીતી આત્મા સંસારમાં રહે ખરો પણ રમે નહીં સુખમાં સાવધાન હોય અને દુઃખમાં સમાધાન કરતો હોય.

પરેલ જૈન સંઘમાં માસક્ષમણ, સિદ્ધિતપ, ૧૬ ઉપવાસ, ૪૫ આગમતપમાં ઘણા આરાધકો જોડાયા છે. જીવન પરિવર્તન શિબિર, બાળ સંસ્કરણ શિબિર, પ્રભુ મીલન, દૈનિક પ્રવચનો, રાત્રીયંગસ્ટર પ્રવચનમાં મોટી સંખ્યામાં લાભ લે છે. ૨૬ ઓગષ્ટથી પર્વાધિરાજ પર્યુષણ શરૂ થશે, ઘર ઘરમાં અઠ્ઠાઈની જોરદાર પ્રેરણા ચાલે છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ-ડે માનસી (મનુ)



પિતા :નરસિંહભાઈ વી.દેસાઈ
માતા :મેનાબેન એન.દેસાઈ
દાદા:વાહજીભાઈ એચ.દેસાઈ
દાદી:લાસુબેન વી.દેસાઈ
કાકા: નાગજીભાઈ વી.દેસાઈ
કાકી :વરજુભાઈ એન.દેસાઈ
ભાઈ : જયકુમાર, નવઘણભાઈ
બહેન: અલ્પીતા, આશા, મિત્તલ
જન્મ તા.૨૦/૦૮/૨૦૦૯
ઉ.વ.૧૦
મુ.વડાવલ તા.ડીસા જી.બ.કાં.
મો.૯૪૨૯૪૮૦૦૦૫

# ઝંડા ઉંચા રહે હમારા

### રાહમાં ધ નેશનલ સ્કૂલ




થરાદ

થરાદ તાલુકાના રાહ ગામે રી ભગવતી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ધ નેશનલ સ્કૂલ રાહમાં ૭૩ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી રાહ ગામના ઉપસરપંચ વાઘેલા ચતરસિહના હસ્તે ધ્વજવંદન કર્યું હતું આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત શાળાની બાળાઓ દ્વારા અભિનય ગીત થી કરાયુ હતું પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓ દ્વારા શાબ્દિક પ્રવચન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યો હતો આવનાર મહેમાનોની આભારવિધી શાળાના આચાર્ય દ્વારા કરવામાં આવી હતી.

### દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગર ખાતે ૭૩ માં સ્વાતંત્ર્યદિવસ નિમિતે કુલપતિએ લોહ પુરૂષ સરદાર પટેલની પ્રતિમાને યુનિવર્સિટી અધિકારીઓની ઉપસ્થિતિમાં સુતરની આટી અને ફુલહાર કરેલ. સ્વાતંત્ર્ય દીનનિમિતે શાળાના બાળકો દ્વારા પ્રભાત ફેરી યોજવામાં આવેલ. સરદાર કૃષિન્ગર વિદ્યાલયના પટાંગણમાં કુલપતિ ડો.આર.કે.પટેલના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. આ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં યુનિવર્સિટી અધિકારીઓ, કર્મચારીઓ, કોલેજના વિદ્યાર્થીઓ, ગૃહ રક્ષક દળના જવાનો, સરદારકૃષિનગર વિદ્યાલયના વિદ્યાર્થીઓ તેમજ વસાહતી ભાઈ - બહેનોએ ભાગ લીધેલ. કુલપતિ ડો.આર.કે.પટેલે સ્વતંત્રતા પર્વ નિમિત પોતાના ઉદ્દબોધનમા જણાવ્યું હતુ કે, આઝાદી મેળવવામાં ઘણા બધા દેશભક્તોએ બલિદાન આપેલ છે, જે વ્યર્થ ન જાય તે જોવાની આપણી જવાબદારી બને છે. તેમણે વડાપ્રધાનનું ખેડૂતોની આવક બમણી કરવાનું સ્વપ્ન સાકાર કરવા કૃષિ વૈજ્ઞાનીકઓને ભગીરથ પ્રયાસ કરી પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક વહન કરવા જણાવેલ. તેમણે દેશને ભ્રષ્ટાચાર મુક્ત અને સ્વચ્છ ભારત બનાવવા દરેક વ્યક્તિએ પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપી રાષ્ટ્ર ઉત્થાન માટે સહભાગી થવા આહવાન કરેલ.

### સમશેરપુરા પ્રાથમિક શાળા



ડીસા તાલુકાની સમશેરપુરા પ્રાથમિક શાળામાં સરપંચ કચરાજી પરમારના હસ્તે ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવી. પંચાયત સભ્ય ગલબાજી ઠાકોર, મેવાભાઈ પરમાર, એસ.એમ.સી.અધ્યક્ષ ભરતભાઈ અને સભ્યો તેમજ પંચાયતના સભ્યો શાળાના આચાર્ય દિનેશભાઈ શ્રીમાળી શાળા પરિવાર તેમજ ગામના વડીલો માતાઓ તેમજ બાળકોના માતા - પિતાએ હાજરી આપી હતી. શાળામાં આહુજાનું સ્પીકર થેરવાડીયા નરસિંહજી પથુજીએ ભેટ આપ્યું. ગામના ગણપતભાઈ પરમાર, ભરતભાઈ દેસાઈ, દિનેશજી પરમાર, ભરતભાઈ જે.દેસાઈ, નારણભાઈ પરમાર, શંભુજી ઠાકોરએ બાળકોને આઈ કાર્ડ બનાવી આપી દાતા બન્યા હતા.

### માલગઢ હાઈસ્કૂલ

ગત તા.૧૫/૮/૨૦૧૯ ગુરૂવારના રોજ શેઠશ્રી એલ.એચ.માળી આદર્શ હાઈસ્કૂલ, માલગઢમાં કાર્યક્રમની શરૂઆત પ્રભાત ફેરી થી કરવામાં આવી અધ્યક્ષ તરીકે પ્રગતિ મંડળ, માલગઢના પ્રમુખ ચંદ્રકાંતભાઈ પઢિયારના વરદ હસ્તે ધ્વજવંદન કરવામં આવ્યું. આ પ્રસંગે પ્રગતિ મંડળના સભ્યો તથા વાલીમંડળના પ્રમુખ જગદીશભાઈ પરમાર તેમજ કારોબારી સભ્યો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના આચાર્ય મિલનભાઈ એન.રાવલે તમામ મહેમાનોનું શાબદીક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે કસ્તુરજી કે.ટાંક, ખેતાજી ટી.પરમાર, ફુલાજી પી.સોલંકી, ડાહ્યાજી કચ્છવા, સુરેશભાઈ સુંઢેસા, અમૃતભાઈ પઢિયાર, કુન્દનલાલ પઢિયાર વગેરે હાજર રહ્યા હતા આ પ્રસંગે મુકેશકુમાર પઢિયારના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એન.સી.સી.પરેડ તેમજ દેશભક્તિના વિવિધ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રથમ ત્રણ ક્રમે આવેલ વિદ્યાર્થીઓને જગદીશભાઈ પીરાજી સોલંકી તરફથી શિલ્ડ આપવામાં આવ્યા હતા. તથા એસ.એસ.સી. અને એચ.એસ.સી.માં પ્રથમ ક્રમે આવેલ ભાઈ અને બહેનને ડાહ્યાજી એમ.કચ્છવા તરફથી રૂા.૫૦૦ નુ રોકર્ડ ઈનામ આપવામાં આવ્યું હતું.

### લાયન્સ સ્કુલ લાખણી




લાખણી

બનાસકાંઠા જીલ્લાના લાખણી તાલુકામાં આવેલ લાયન્સ સ્કૂલમાં આર્મી સૈનિક દિલીપસિંહ વાઘેલા (ચાળવાવાળા) હાજર રહી પોતાના હાથે રાષ્ટ્રધ્વજ ફરકાવી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ દિન નિમિત્તે સ્કૂલ કક્ષાએ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. અને રમત દરમિયાન સારૂં પ્રભુત્વ પાડનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમર કાર્યક્રમની સફળતા માટે સ્કૂલના મેનેજીંગ ડીરેક્ટર હેમુભા સોઢાએ તમામ સ્કૂલ કર્મચારી વાલીગણ અને બાળકોનો ખુબખુબ દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

### ભોપાનગર પ્રા.શાળા



ડીસાની ભોપાનગર પ્રા.શાળામાં ૭૩ માં સ્વાતંત્ર્ય દિન નિમિતે ગામના અગ્રણી દરબાર ચંદનસિંહના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મનુભાઈ મકવાણા અને મંગળજી ગુર્જરે પ્રસંગ અનુસાર પ્રવચન આપ્યુ હતું. આ કાર્યક્રમમાં કમીટીના સભ્યો, શિક્ષકો ગામના આગેવાનો, વડીલો તેમજ ગ્રામજનો અને શાળાના વિદ્યાર્થીભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હત.ા પ્રવિણભાઈ પુનડીયા અને લક્ષ્મણભાઈ પુરોહિત બાળકોને બિરદાવ્યા હતા.

### મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કૂલ રામપુરા

ડીસા

શ્રી સંસ્કાર મંડળ રામપુરા સંચાલત મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કૂલ રામપુરા તા.ડીસા ખાતે ૭૩ માં સ્વતંત્રતા દિનની હર્ષોલ્લાસ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ભારતની આન બાન અને સાન સમા ત્રિરંગાને સલામી આપવા માટે વિશાળ સખ્યામાં ઉપસ્થિત શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વાલીઓ ગ્રામજનોની હાજરીમાં ધ્વજવંદન રામપુરા મઠ જાગીરના મહંતશ્રી પૂ.રૂપપુરીજી મહારાજ (પ્રમુખ સંસ્કાર મંડળ-રામપુરા) ના વરદ હસ્તે યોજાયો હતો.

દેશભક્તિ પૂર્ણ માહોલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં રામપુરા મઠના કારભારી તથા શ્રી સંસ્કાર મંડળના મેનેજીંગ ટ્રસ્ટી પૂ.નિર્મલપુરીજી સ્વામી સંચાલક મંડળના કારોબારી સદસ્ય જગમાલભાઈ દેસાઈ, ગોવાભાઈ કોલા, થાનાજી હરીયાળ ટ્રસ્ટી લક્ષ્મણજી જાટ, જયેશભાઈ દેસાઈ, વીરાજી પટેલ તથા ભરતભાઈ દેસાઈ (સરપંચ ઢેઢાલ), ગીરીશભાઈ દેસાઈ, (વરનોડા), માલાભાઈ દેસાઈ (સરપંચ ગોઢા), ઈશ્વરભાઈ દેસાઈ (દામા) ડાહ્યાજી ઠાકોર (દામા ઠાકોરવાસ) વગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા.

સ્વતંત્રતા પર્વ અને રક્ષાબંધનના સુભગ સમન્વય પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની સાથે ભારતીય સંસ્કૃતિનો વિશેષતા દર્શાવતો અનોખો સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો. જેમાં રાસ - સમુહ નૃત્ય, નૃત્યગીત, એરોબિક કસરત પ્રદર્શન, દેશભક્તિ ગીત રજુ કરાયાં હતા.

શાળાના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થી અભિષેકપુરી દ્વારા આગવી છટામાં કલમ ૩૭૦ નાબુદી અંગે વડાપ્રધાનના વિચારો રજુ કરતા એકપાત્રીય અભિનયે સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પૂ.મહંતશ્રી તથા મહેમાનો દ્વારા શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય



ડીસા

શ્રી જે.ડી. અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં તા.૧૫/૮/ ૨૦૧૯ ને ગુરૂવારના રોજ ૭૩ માં સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના અધ્યક્ષ હિરેનભાઈ જે.કાંકરેચી, (પ્રમુખ જૈન જાગૃતિ સેન્ટર, ડીસા) ના વરદ્ હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. માધ્યમિક અને ઉ.મા.વિભાગમાં આચાર્ય જગદીશભાઈ પરમારે આવેલા મહેમાનો વાલીઓને શબ્દોથી સ્વાગત કર્યુ હતું. અધ્યક્ષનું પુષ્પગુચ્છ વડે સ્વાગત સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી વિરચંદભાઈ શેઠે કર્યુ હતું. તેમજ પ્રસાદના દાતા ભનુભાઈ પ્રજાપતિનું પુષ્પગુચ્છ વડે સ્વાગત સંસ્થાના ટ્રસ્ટી ડો.દિનેશભાઈ પટેલે કર્યુ હતું. ધ્વજારોહણ શાળાના શિક્ષકગણ રાહુલભાઈ જોષી, મહેન્દ્રભાઈ ચૌધરીના માર્ગદર્શન દ્વારા કરવામાં આવેલ. શ્રીમતી ટી.આર.જોષી (પાંડેય) સર્વોદય શિશુમંદીર, પ્રા.વિભાગ, મા.વિ., ઉ.મા., વિભાગના બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ નિહાળતા અધ્યક્ષ, મેનેજીંગ ટ્રસ્ટી, વાલીઓ દ્વારા કુલ નહી કે ફુલની પાંખડી રૂપે પ્રોત્સાહિત રોકડ ઈનામ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ હિરેનભાઈએ રાષ્ટ્રપ્રેમ, વ્યસન મુક્તિ, સ્વચ્છતા અને દેશ ભક્તોને યાદ કરી રાષ્ટ્રીય વાતાવરણ ઉભુ કર્યુ હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી વિક્રમભાઈ શેઠ શાળાના વિકાસ વિષે તેમજ રાષ્ટ્રીય વ્યક્તિ પર સુંદર વક્તવ્ય આપ્યુ હતું. આ પ્રસંગે અધ્યક્ષ, ટ્રસ્ટ પરિવાર વિક્રમભાઈ શેઠ, ડો. દિનેશભાઈ પટેલ, હિતેષભાઈ જોષી, તમામ વિભાગના આચાર્યો, વાલીઓ, સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના મા.વિ.ઉ.મા. વિભાગના શિક્ષક દિનેશભાઈ પઢિયાર તેમજ આભારવિધિ ભરતભાઈ કાંકરેચી (પ્રા.વિભાગ) એ કરી હતી.

### શેઠશ્રી એમ.ડી.અભિનવ ભારતી વિદ્યાલય ખીમાણા




પ્રતિ. ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે આવેલ શેઠશ્રી એમ.ડી. અભિનવ ભારતી વિદ્યાલય ખીમાણાના પટાંગણમાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ઈશ્વરભાઈ જેઠાભાઈ ખટાણા (ચેરમેન ઉત્પાદન સહકારી અને સિંચાઈ સમિતિ બનાસકાંઠા) ના વરદ હસ્તે ત્રિરંગો લહેરાવી સલામી અપાઈ હતી. સ્વતંત્ર દિનની સાથે રક્ષાબંધનનો પર્વ પણ ઉજવવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય પ્રધાનજી રાઠોડ દ્વારા પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, નાટકો દેશભક્તિ ગીતો વગેરેના ભજનગાવામા આવ્યા હતા.

આ પ્રસંગે પધારેલ મહેમાન ફતુજી પરમાર (સરપંચ), પીરાજી પરમાર, સુખાજી પરમાર, ધારસંગજી પરમાર, બ્રહ્મકુમારી માંથી પધારેલ વસંતીબેન એ રક્ષાબંધન અને સ્વતંત્ર દિનની વિશેષ માહીતી આપી હતી. વગેરે બહોળી સંખ્યામાં ગ્રામજનો શાળાનો સ્ટાફગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત્ રહ્યા હતા.

### ઢીમા પ્રાથમિક શાળા




ઢીમા

ઢીમા પ્રાથમિક શાળામાં ૭૩ માં સ્વાતંત્ર દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી જે પ્રસંગે ઢીમા પ્રાથમિક શાળામાં ઢીમાના મહિલા સરપંચ હર્ષાબેન સેવક દ્વારા શાળાની અંદર રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો જે પ્રસંગે ઢીમાની તમામ છ થી સાત પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ઢીમા પ્રાથમિક શાળાની અંદર અલગ અલગ પ્રકારના નાટકો દેશભક્તિના ગીતો તેમજ વાર્તા લેખો રજૂ કરીને તેમની દેશ પ્રત્યેની લાગણીઓ રજૂ કરવામાં આવી હતી આ પ્રસંગે ઢીમા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ભુરાભાઈ રાજપૂત દ્વારા શાળાની અંદર આવેલા તમામ ગ્રામજનો નું શબ્દોથી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું જે પ્રસંગે રામઆસરા ? અંક્ષત્ર ના મહંત શ્રી જાનકીદાસ મહારાજ દ્વારા શાળાના બાળકોને આશીર્વાદ આપવામાં આવ્યા હતા જે પ્રસંગે ઢીમા સંસ્કાર વિદ્યાલય હાઈસ્કુલ ના પ્રમુખશ્રી હરિશચદ્રસિંહજી ચૌહાણ સંસ્કાર વિદ્યાલય ના આચાર્ય થાનસિહજી જાડેજા તેમજ ઢીમા બી.આર.આંબેડકર પ્રાથમિક શાળાના આચાર્ય હરિરામ ભાઈ ચૌહાણ તેમજ ઢીમા ગ્રામજનોમાં મનજીભાઈ રાજપૂત અજાભાઈ પટેલ કરસનભાઈ માળી નાગજીભાઈ પટેલ રઘુભાઈ સાધુ અમરતભાઈ બ્રાહ્મણ તેમજ તમામ શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષક મિત્રો તેમજ બહોળી સંખ્યામાં પધારેલ ઢીમા ગ્રામજનોએ શાંતિપૂર્વક કાર્યક્રમ નિહાળ્યો હતો.

### વાવની મીઠાવીરાણા પ્રા.શાળા




તા.પ્રતિનિધિ વાવ

૭૩ મા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિન અને રક્ષાબંધન પર્વની વાવની મીઠાવીરાણા પ્રા.શાળામાં હર્ષોલ્લાસ સાથે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સરપંચ પી.ડી.ગઢવીના વરદહસ્તે ધ્વજવંદન કરી રક્ષાબંધન પર્વની શાનદાર ઉજવણી કરાઈ હતી. જે પ્રસંગે મીઠાવીરાણાના દાતા અરવિંદભાઈ ભાણાભાઈ પટેલ તરફથી બાળકોને મીઠાઈ (બુંદી)નું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રા.શાળા મીઠાવીરાણાના મુ.શિક્ષક દિનેશભાઈ પંડયા, ગોકુળભાઈ સંજયભાઈ, મફાભાઈ, રાવજીભાઈ, ભાગ્યશ્રીબેન, મીનાબેન, શિલ્પાબેન સહિત તમામ સ્ટાફમિત્રો, વિદ્યાર્થી મિત્રો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. મીઠાવીરાણા પ્રા. શાળાના વિદ્યાર્થીઓ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. ગ્રામજનોએ પણ આ પ્રસંગે બહોળી સંખ્યામાં હાજરી આપી રાષ્ટ્રીય અને ધાર્મિક પર્વની શાનદાર ઉજવણીમાં સહભાગી બન્યા હતા.

રખેવાળ

## રાધનપુર કોલેજમાં આરતીની થાળી સજાવટ તેમજ વાનગી સ્પર્ધાનું આયોજન




રાધનપુર

હિમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં ૧૪/૦૮/૨૦૧૯ ના રોજ આરતીની થાળી સજાવટની અને વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં આરતીની થાળી સજાવટ સ્પર્ધામાં બે વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ જેમાં પ્રથમ ક્રમે ઠક્કર કાજલ આર. અને દ્વિતીય ક્રમે જોષી ધ્યાના જે. રહી હતી. જ્યારે વાનગી સ્પર્ધામાં ત્રણ બહેનોએ ભાગ લીધેલ. જેમાં પ્રથમ ક્રમે રાજગોર મનિષાબેન એ. , બીજા ક્રમે મકવાણા મીના બી. અને ત્રીજા ક્રમે બારોટ ભાવનાબેન એસ. રહેલ, સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડો. કે.ડી. અખાણી, ડો. કે.એસ. બારોટ, ડો. એસ.એસ. ગામીત, પ્રા.પ્રિતીબેન હાલાણી, પ્રા.કાજલબેન શર્મા ઉપસ્થિત રહી પોતાના નિર્ણય રજુ કરેલ. આ પ્રસંગે કોલેજના પ્રિ.ડો.સી.એમ. ઠક્કર ઉપસ્થિત રહી, સ્પધક બહેનોને પ્રોત્સાહન પુરૂ પાડયુ તેમજ વિજેતા બહેનોને બિરદાવવામાં આવી હતી.

## મહેસાણા સુવર્ણવિલા બંગ્લોઝમાં સત્યનારાયણની કથા યોજાઈ




મહેસાણા

મહેસાણામાં સુવર્ણવિલા બંગ્લોઝમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પત્રકાર કમલ ચક્રવર્તીના નિવાસસ્થાને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં પુનમભાઈ શ્રીમાળીએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ કથા કરી હતી.આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ સોલંકી,મણીભાઈ રાઠોડ,ઈશ્વરભાઈ સોલંકી,કૃણાલભાઈ મૌર્ય,ભરતભાઈ રાઠોડ,રાકેશભાઈ લેઉવા,હિતેષભાઈ ચાવડા સહીત અગ્રણીઓ અને લોકોએ દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

## રાધનપુરના ગોતરકા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




રાધનપુર

રાધનપુર તાલુકાના ગોતરકા ગામે ભારત વિકાસ પરિષદ દ્વારા શ્રી સ્વામીજી મંદિર અને સ્મશાનગૃહમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો,જેંમાં ૩૦૦ જેટલા રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.ગામના સરપંચ લક્ષમણભાઈ આહીર,ભારત વિકાસ પરિષદના મંત્રી દિલીપભાઈ પુજારા,ખજાનચી રાજેશભાઈ ઠક્કર, પ્રહલાદભાઈ તન્ના, સુધીરભાઈ ઠક્કર, અરવિંદભાઈ ઠક્કર તેમજ વકિલ મિત્રો અને ગ્રામજનો ઉત્સાહભેર ભાગ લઈને વૃક્ષારોપણ કરેલા વૃક્ષોને ઉછેરવા માટે પ્રતિબદ્ધતા બતાવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | જવ | ૩૮૨-૪૦૧ |
| એરંડા | ૧૦૭૬-૧૦૮૨ | | **પાટણ** |
| રાયડો | ૭૦૫-૭૧૩ | જીરૂ | ૨૩૦૨-૨૯૮૫ |
| ઘઉં | ૩૯૦-૪૨૬ | વરી. | ૧૧૨૫-૧૨૦૧ |
| બાજરી | ૪૦૦-૪૨૬ | સુવા | ૧૦૫૧-૧૧૮૧ |
| રાજગરો | ૧૨૩૫-૧૩૧૫ | રાયડો | ૬૫૦-૭૪૪ |
| | **વાવ** | એરંડા | ૧૦૭૦-૧૦૮૫ |
| જીરૂ | ૨૬૮૦-૩૦૮૦ | અજમો | ૧૨૧૧ |
| ઈસ. | ૧૬૮૦-૧૭૫૦ | ઘઉં | ૩૯૧-૪૨૯ |
| અજમો | ૧૭૦૦-૧૯૦૦ | બાજરી | ૩૬૫-૪૧૪ |
| | **શિહોરી** | જુવાર | ૩૯૦-૯૯૫ |
| એરંડા | ૧૦૮૪-૧૦૮૯ | રજકો | ૧૫૦૦-૨૧૮૫ |
| ઘઉં | ૩૮૫-૪૦૦ | ચીકુડી | ૧૩૦૦ |
| બાજરી | ૩૮૧-૪૦૫ | ગવાર | ૭૭૫-૮૦૦ |
| | **થરા** | | **થરાદ** |
| જીરૂ | ૨૬૦૫-૩૧૦૧ | ૨૦ કિલોગ્રામ | |
| એરંડા | ૧૦૮૨-૧૦૯૧ | એરંડા-૧૦૭૦/૧૦૮૪ | |
| ગવાર | ૭૮૪-૭૯૧ | બાજરી-૩૮૦/૪૧૪ | |
| ઘઉં | ૪૦૦-૪૧૨ | જીરુ-૨૪૫૦/૩૧૭૫ | |
| બાજરી | ૩૮૦-૪૦૫ | ઈશબગુલ-૧૭૩૦/૧૮૧૧ | |
| જુવાર | ૫૦૦-૫૮૫ | રાયડો-૭૨૦/૭૩૮ | |
| | **સિધ્ધપુર** | રજકો-૨૩૨૫/૨૬૦૦ | |
| રાયડો | ૭૦૫-૭૧૯ | ગવાર-૭૪૧/૭૯૬ | |
| એરંડા | ૧૦૭૫-૧૦૮૫ | | **રાહ** |
| ગવાર | ૭૮૫-૮૦૦ | ૨૦ કિલોગ્રામ | |
| ઘઉં | ૩૯૫-૪૧૭ | રાયડો -૭૧૦/૭૨૫ | |
| બાજરી | ૩૫૦-૪૩૫ | બાજરી-૩૭૫/૩૯૦ | |
| જુવાર | ૯૦૦-૧૧૨૨ | | |

### રાધનપુરમાં સબ જેલ આગળચક્કાજામ...




રાધનપુરમાં સબજેલ આગળ અવાર-નવાર ટ્રાફિક જામ થઈ જાય છે, સોમવારે પણ અહીં ચક્કાજામ સર્જાયો હતો,અને વાહનચાલકો તેમાં રાહદારીઓ અડધા કલાક સુધી ચક્કાજામમાં અટવાઈ ગયા હતા.ખાસ કરીને સ્કૂલો છૂટે ત્યારે મોટાપ્રમાણમાં વિદ્યાર્થીઓ નીકળતા હોવાથી ચક્કાજામ સર્જાતો જોવા મળે છે,તંત્ર દ્વારા જો આ સમય દરમ્યાન તકેદારી રાખવામાં આવે તો લોકોને ચક્કાજામમાં અટવાઈ જવામાંથી છુટકારો મળી રહે તેમ છે. લાલબાગમાં જવાના રસ્તા ઉપર વાહનો આડેધડ વળતા હોવાથી પણ ક્યારેક ચક્કાજામ સર્જાતો જોવા મળે છે.

## રાધનપુર કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




રાધનપુર

“હિંમત વિદ્યાનગર” સ્થિત અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ ટ્રસ્ટના પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી, કોલેજના આચાર્ય ડો.સી.એમ. ઠક્કર, ભારતીબેન વખારીયા, એ ન .સી .સી .ના એ.એન.ઓ.ડો. બલાભાઈ રબારી તેમજ એન.સી.સી.ના કેડેટ્સ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.ટી.ડી. વ્યાસ, એન.એસ.ના સ્વયં સેવકો સાથે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મેને. ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, કોષાધ્યક્ષ ધીરૂભાઈ ઠક્કર, ટ્રસ્ટી ક્રિષ્નાબેન મુલાણી, ચીનુભાઈ ઠક્કર, રોટરી કલબના પ્રમુખ કમલેશભાઈ તન્ના તેમજ અન્ય ટ્રસ્ટીગણ તથા હોદ્દેદારો અને વિવિધ કેમ્પસના આચાર્ય તેમજ શૈક્ષણિક-બિનશૈક્ષણિક પરિવાર તેમજ તમામ વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરેલ.

## ચાણસ્મા પંથકમાં નાગપંચમી નિમિત્તે મેળો ભરાશે

ચાણસ્મા

પવિત્ર શ્રાવણ માસમાં તહેવારોની હારમાળાનો પ્રારંભ થયો છે ત્યારે આગામી મંગળવારે નાગપંચમીનો તહેવાર ઉજવાશે. જે નિમિત્તે ચાણસ્માના જુના રબારીવાસમાં મોજુદ શેષ નારાયણ ગોગા મહારાજના મંદિર સહિત તાલુકાના વિવિધ ગોગા મહારાજના સ્થાનકોએ નાગપંચમીના ભવ્ય લોકમેળો ભરાશે. જેમાં સમગ્ર વિસ્તારમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડી દાદાને કુલેર શ્રીફળનો પ્રસાદ ધરાવી ધન્યતાની લાગણી અનુભવે છે. ચાણસ્મા નગરની સ્થાપના સમયના એટલે કે ૧૨૦૦ વર્ષ પૂર્વે જુના રબારી નેસડામાં શેષનારાયણ ગોગા મહારાજની સ્થાપના કરાઈ હતી. જે મંદિરનો ગોગા બાપાના પરમ ઉપાસક જોરાભા દેસાઈ અને ત્યાર બાદ તેમના પુત્ર અમથાભાઈ દેસાઈ દ્વારા જીર્ણોદ્ધાર કરાયો હતો. હાલમાં આસપહાણથી મઢેલા મંદિરમાં ગોગાબાપા તેમજ દેવ દેવીઓની નિત્ય પૂજા અર્ચના થાય છે. ગોગાબાપાના ભુવાજી મહેન્દ્રભાઈ દેસાઈના જણાવ્યા મુજબ આગામી ૨૦ ઓગષ્ટને મંગળવારે નાગપંચમી નિમિત્તે દાદાના મંદિરે ભવ્ય લોકમેળો ભરાશે. પૂજારી હસમુખપુરી ગૌસ્વામીએ જણાવ્યું કે નાગપંચમી નિમિત્તે લઘુરૂદ્ર સવારે ૭ વાગે શરૂ થશે. જ્યારે ૧૦ વાગે વાજતે ગાજતે મંદિર ધ્વજારોહણ કરાશે ગોગા બાપાના દર્શને આવતા દરેક શ્રદ્ધાળુઓ માટે ગોગા મહારાજ પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરાઈ છે. અહીં દર્શન માટે ચાણસ્મા, મોઢેરા, બહુચરાજી, પાટણ અને મહેસાણા પંથકમાંથી માલધારી સહિત અઢારેય વર્ણના શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. નાગપંચમી નિમિત્તે પંથકના પ્રસિદ્ધ ગોગા સ્થાનક ઘરમોડા ગામે પણ લોકમેળો ભરાય છે. તાલુકાના ધાણોધરડા, કંબોઈ, લણવા, સેઢાલ સહિતના ગામોએ પરંપરાગત મેળો ભરાય છે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા પધારે છે.

## સિધ્ધપુર ખાતે ગોકુલ યુનિ. ચેરમેનનો જન્મદિવસ ઉજવાયો



સિધ્ધપુર

સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય, ગુજરાત રાજ્ય જીઆઈડીસીના ચેરમેન તેમજ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના વડા બલવંતસિંહ રાજપૂતના જન્મ દિવસની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવી હતી. યુનિવર્સિટી ખતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવમાં આવ્યું હતું. જેમાં ૫૮ વ્યક્તિઓએ બ્લડ ડોનેટ કર્યુ હતું. તે ઉપરાંત યોજવામાં આવેલ મેડિકલ કેમ્પમાં ૫૮૦ વ્યક્તિઓએ વિવિધ રોગોનું નિદાન કરાવી દવાઓ મેળવી હતી. તે ઉપરાંત ૨૧૮ વિદ્યાર્થીનીઓ અને મહિલાઓનું હેમોગ્લોબીન ચેક કરવામાં આવ્યું હતું આ પ્રસંગે યોજવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં તેમનું સમગ્ર પરિવાર, પાટણ જિલ્લા પ્રભારી મયંક નાયક, જિલ્લા પંચાયત પ્રમુખ વિનુભાઈ પ્રજાપતિ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અજીતભાઈ મારફતિયા, સરસ્વતી મુક્તિધામના મંત્રી વિષ્ણુ પ્રસાદ ઠાકર, તાલુકા અને શહેરના ભાજપ પ્રમુખ કેસરભાઈ ચૌધરી, મનીષભાઈ આચાર્ય, તાલુકા પંચાયતના પુર્વ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, મ્યુનિસિપલ પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્ય જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યઓ, સામાજિક આગેવાનો, વિદ્યાર્થીઓ, સ્ટાફ, પ્રિન્સિપાલ વિગેરે ઉપસ્થિત રહી બુકે, સાલ અને મોમેન્ટો આપી બલવંતસિંહ રાજપૂતને શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે બોલતાં બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે હું આજે ૫૮ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છું. અગાઉના તમામ જન્મદિવસે મારા માતુશ્રી હંસાબા ઉપસ્થિત હતા. આજે તેમની ખોટ સાલે છે. પરંતુ મને ખાતરી છે કે તેમના આશીર્વાદ સદાય મારી સાથે છે. જન્મદિનની શુભેચ્છા આપવા માટે આવેલ સર્વેનો આભાર માન્યો હતો. તેમજ યુનિવર્સિટીએ કરેલ આયોજનને બિરદાવ્યું હતું. કાર્યક્રમ બાદ ભાજપ સદસ્ય નોંધણી અભિયાન ચલાવ્યું હતું. આ અગાઉ સિધ્ધપુર જીઆઈડીસી ખાતે સિધ્ધપુર શહેર ભાજપ સંગઠન સાથે રહી સદસ્ય નોંધણી અભિયાન અંતર્ગત સભ્યોની નોંધણી કરાવી હતી.

## બહુચરાજી ડેપોની મહત્વની બસનો રૂટ બદલાતા આવકમાં ઘટાડો

ચાણસ્મા

મહેસાણા એસ.ટી. વિભાગીય કચેરીની સુચનાથી બહુચરાજી ડેપો સંચાલિત બેચરાજી ભુજ એકસપ્રેસ બસ તેમજ બહુચરાજી મોઢેરા રાત્રિરોકાણ કરતી લોકલ બસના રૂટમાં છેલ્લા દસ દિવસથી ફેરફાર કરવામાં આવતાં એસ.ટી.ની આવકમાં વધારો થવાને બદલે ઘટાડો થવાથી વહીવટી તંત્રની બેદરકારીને કારણે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

બહુચરાજી સવારે ૮ કલાકે ઉપડતી વાયા મોઢેરા-ચાણસ્મા-હારીજ થઈને ભુજ નાઈટ રોકાણ કરતી બસનું સંચાલન કરવામાં આવતું હતું. જેથી આ રૂટ ઉપરના દસેક જેટલા ગામોના લોકોને સાંતલપુર, વારાહી તરફ જવાનો લાભ મળતો હતો અને આ બસ આ જ રૂટ ઉપરથી પરત આવતી હતી પરંતુ છેલ્લા દસેક દિવસથી આ બસને ભુજથી વાયા વડાવલી મોઢેરાને બદલે વાયા ચાણસ્મા મહેસાણા થઈ બલોલથી બેચરાજી તરફ ચાલુ કરવામાં આવે છે. જેના કારણે ચાણસ્મા-બહુચરાજી રૂટ ઉપરના કચ્છમાંથી પરત આવતા મુસાફરોની એસ.ટી.સેવા છીનવાઈ ગઈ છે.

બહુચરાજીથી સાંજના ૭.૩૦ કલાકે ઉપડીને વાયા દેલવાડા-મોઢેરા નાઈટ બસનું સંચાલન કરવામાં આવતું હતું આ બસને છેલ્લા પંદર દિવસથી મોઢેરાથી લંબાીને દેલોલી નાઈટ કરી દેવામાં આવી છે પરંતુ મોઢેરાથી લંબાવીને જવા કે આવવા માટે એક પણ પેસેન્જર મળતું નથી. પરિણામે ડીઝલ વપરાશની સાથે આવકમાં ઘટાડો નોંધાયો છે.

સાતમા પગાર પંચના અમલની સાથે નોકરીઓ લંબાવવામાં આવતો મહેસાણા એસ.ટી. વિભાગીય કચેરી દ્વારા તઘલખી નિર્ણયના કારણે સંખ્યાબંધ જુના રૂટમાં ફેરફાર કરવામાં આવતાં લાંબા સમય બાદ એસ. ટી.નિગમની ખોટમાં લાખો રૂપિયાનું નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે. જે રૂટ ઉપર ટ્રાફિક શકય હોય ત્યાં અને ગ્રામ્ય વિસ્તારની જરૂરીયાતને અગ્રીમતા આપી સંચાલન કરવામાં આવે તો એસ.ટી. તંત્રને ફાયદો થઈ શકે તેમ છે.

## રાધનપુરમાં માનસિક અસ્થિર નિરાધાર લોકોની અનોખી સેવા




રાધનપુર

રાધનપુરમાં પવિત્ર શ્રાવણ માસમાં શ્રીરામ સેવા સમિતિ અને સુરભી ગૌશાળા તેમજ સેવાભાવી યુવાનો દ્વારા શહેરમાંથી પાંચ ભાઈઓ અને ત્રણ બહેનો મળીને આઠ જેટલા માનસિક અસ્થિર લોકોને એકઠા કરીને તેમના વાળ-દાઢી કટિંગ કરી,નાખ કાપીને સ્નાન કરાવી દરેકને નવા કપડાં અને ચપ્પલ પહેરાવીને સુગંધીદાર તેલ માથામાં નાખીને ખુશ્બુદાર પાવડર છાંટીને તમામને દાબેલી-કેળા અને ચાનો નાસ્તો કરાવીને ગરમાગરમ ખીચડીનું ભોજન પીરસીને ભરપેટ જમાડવામાં આવ્યા હતા.શ્રીરામ સેવા સમિતિ દ્વારા સેવાભાવી યુવાનોને સાથે રાખીને દર બે-ત્રણ મહિને આવા સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવે છે.સેવાયજ્ઞનું આયોજન પાર્થ કાર વોશિંગમાં કરવામાં આવે છે,આ કાર્યમાં મહેશભાઈ નાઈ દ્વારા નિઃસ્વાર્થ ભાવે સેવા કરવામાં આવે છે.અસ્થિર મગજના લોકોને તેમના પરિવારજનો સાથે મિલાપ પણ કરાવવામાં આવે છે.

## આનંદો...હવે નાગરિકોને માઈક્રો ચિપ આધારિત પાસપોર્ટ મળશે

અમદાવાદ

અમદાવાદ પાસપોર્ટ કચેરી દ્વારા સામાન્ય નાગરિકોને પણ માઈક્રો ચિપ આધારિત પાસપોર્ટ આપવાનું શરૂ કરાશે. પહેલા તબક્કામાં ડિપ્લોમેટિક પાસપોર્ટ હોલ્ડરને બાયોમેટ્રિક ઈ પાસપોર્ટ આપવામાં આવ્યા છે. હવે આ ઈ પાસપોર્ટ ગુજરાતમાં પણ નાગરિકોને મળશે. નવા પાસપોર્ટની ડિઝાઈન સ્થાનિક સ્તરે ભારતમાં તૈયાર કરવામાં આવી છે.

ઈન્ડિયા સિક્યોરિટી પ્રેસ અને આઈઆઈટી કાનપુર ખાતે ઈ-પાસપોર્ટની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. ઈ-પાસપોર્ટમાં ડિજિટલ ઈમેજની સાથે પાસપોર્ટ હોલ્ડરની વિગતોનો ચિપમાં સમાવેશ કરાશે.

નવો પાસપોર્ટ ઈલેક્ટ્રોનિક સિસ્ટમ આધારિત છે જેનું પ્રોટોટાઈપ પરીક્ષણ અમેરિકાની સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં કરવામાં આવ્યું છે. નવા પાસપોર્ટના બેક કવરમાં નાની સિલિકોન ચિપ છે અને આ ચિપ્સમાં ૬૪ કેબીની મેમરી સ્પેસ છે જેમાં પાસપોર્ટ હોલ્ડરના ફોટા ફિંગરપ્રિન્ટ, અને અન્ય વિગતોનો સમાવેશ થાય છે.

આ ચિપમાં પાસપોર્ટ હોલ્ડરની ૩૦ વિદેશની યાત્રાની જાણકારી સ્ટોર કરવાની ક્ષમતા છે. એરપોર્ટ પર પાસપોર્ટ સ્કેન કરવાથી તમામ માહિતી ઉપલબ્ધ થઈ શકે છે. ભારતની બહાર જન્મ લેનારા અરજદારોને ભારતીય પાસપોર્ટ આપવામાં આવતો નથી.

## રાધનપુર કોલેજમાં દુલ્હન શ્રુંગાર સ્પર્ધા યોજાઈ




રાધનપુર

રાધનપુરમાં શ્રી અમર જ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર્ટસ & કોમર્સ કોલેજમાં દુલ્હન શ્રુંગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં કોલેજની ત્રણ બહેનોએ ભાગ લીધો હતો અને દુલ્હનનો શ્રુંગાર કરીને પોતાની કલાકૌશલ્યના દર્શન કરાવ્યા હતા.આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મીના બી.મકવાણા,દ્વિતીય ક્રમે ભારતીબેન એ.વણકર અને તૃતીય ક્રમે હિમાક્ષી વી.ઠક્કર રહ્યા હતા.નિર્ણાયક તરીકે ડો.કે.ડી.અખાણી,ડો.કે.એસ.બારોટ,ડો.એસ. એસ.ગામીત,બિનલબેન પટેલ,કે.ડી.શર્મા અને મયુરીબેન ઠક્કરે ભૂમિકા ભજવી હતી.કોલેજના પ્રિન્સિપાલ ડો.સી.એમ.ઠક્કરે ઉપસ્થિત રહીને સ્પર્ધક બહેનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## રાજ્યના પોલીસકર્મીઓને સ્વાસ્થ્યનું નિયમિત ચેકઅપ કરાવવા ડીજીપીનો આદેશ

અમદાવાદ

રાજ્યના પોલીસ કર્મચારીની શારિરીક ચુસ્તતા જાળવી રાખવા અને તેમના સ્વાસ્થ્યનું નિયમિત રીતે ચેકઅપ કરાવવા રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ આદેશ આપ્યા છે. જેના પગલે અમદાવાદ જિલ્લા પોલીસના તમામ કર્મચારીઓની ફિટનેસ માટે કાર્યક્રમ શરૂ કર્યા છે. આજે વહેલી સવારે નાઈટમાં હોય તેમના સિવાયના જિલ્લાના તમામ પોલીસ કર્મચારીઓએ પાંચ કિલોમિટર રનિંગ- વોકિંગ કર્યું હતું. આગામી દિવસોમાં તમામ કર્મચારીઓની શારીરિક તપાસ કરવામાં આવશે અને તેના પરથી તેમની ફિટનેસ માટે કસરતો અને વ્યાયામ કરાવવામાં આવશે.

